
SHREE SWMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

July.'2004



ગુરૂપુર્ણિમાના દિવસે
ધર્મવંશી ગુરૂનું પૂજન
અને ગુરૂના આશીર્વચન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher Shree Swaminarayan Temple, Ahmedabad-1




ગુરૂપૂર્ણિમા અમદાવાદ મંદિરમાં સભામાં સંતો હરિભક્તોને આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



નસીતપર (મૂળીદેશ) મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યજમાનો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા.



નસીતપર (મૂળીદેશ) માં હાઈસ્કુલની ખાતવિધિ કરતા પ.પૂ.લાલજી



નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સુવર્ણ સુખ શૈયાનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે મહંત શા. ઘનશ્યામ પ્રકાશદાસ.



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ જુલાઈ - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	લેકલેન્ડ મંદિરમાં પધારેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી	૬
૪.	હસવું છે હળવે હળવે	૭
૫.	આદર્શ	૮
૬.	સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીનું જીવન ચરિત્ર	૯
૭.	જીવનની મહેક	૧૧
૮.	દ્રઢ નિશ્ચયવાળા ભક્તની વ્હારે પ્રભુ જરૂર પધારે છે	૧૨
૯.	સત્સંગ સભા દ્વારા અમૃતનો આસ્વાદ	૧૩
૧૦.	અડગ નિષ્ઠા	૧૭
૧૧.	ચરણસ્પર્શનું વૈજ્ઞાનિક રહસ્ય	૧૯
૧૨.	ગુરુજીની અમૃતવાણી	૨૧
૧૩.	ગોપાળાનંદ સ્વામીએ વર્ણવેલા સર્વાવતારીપણાના લક્ષણો	૨૨
૧૪.	સત્સંગ બાલવાટિકા (૧) જીવ બચાવતાં શીખવું	૨૪
૧૫.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫

કલા :- પ્રફુલ ખરસાણી

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

આપણી હિન્દુ સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ખૂબજ મહત્વનું છે. જગતના દરેક મુમુક્ષુ સાચા ગુરુની શોધમાં હોય છે. સૌ મુમુક્ષુ અંતરના ઉંડાણથી ઝંખતા હોય કે અમને એવા ગુરુ મળે "કે ભગવાનનો ભેટો કરાવે." સૌ પોત-પોતાની રીતે શ્રધ્ધાથી ગુરુ પ્રત્યે અનહદ ભાવથી જોડાયેલા હોય છે. સૌ એક જ વ્યક્તિ વિશેષને ગુરુ તરીકે આદરથી માનતા હોય અને કોઈક તો અંધશ્રધ્ધાની સાથે જુદી જુદી ઘણી જગ્યાએ માથા ટેકતા જોવા મળે છે.

આપણી સંસ્કૃત ભાષામાં પથરાયેલી વૈદિક સંસ્કૃતિને અક્ષરદેહ આપીને દેવનાગરી લીપીમાં લેખન કરી "ભગવાનના સ્વરૂપને અને જ્ઞાનને" સમસ્ત જગત સમક્ષ રજુ કરનાર પરમ ઉપકારી પરમાત્મા ભગવાન વેદવ્યાસનારાયણના જન્મ દિવસને સારોયે મુમુક્ષુ સમાજ ગુરુ પૂર્ણિમાં તરીકે ઉજવે છે. અને ભગવાનનો માર્ગ ચીંધનાર વર્તમાન ગુરુનું પૂજન કરીને અંતરમાં આનંદ અનુભવે છે !

જ્યાં સુધી સાચા ગુરુ ન મળે ત્યાં સુધી અનેક અણસમજણ વાળા ગુરુનો ત્યાગ કરવામાં કાંઈ ખોટુ નથી. તે વાત આપણને સ.ગુ. રામાનંદ સ્વામીનું ચરિત્ર સમજાવે છે. અને વળી સ.ગુ. મુક્તાનંદ સ્વામીનું જીવન ચરિત્ર તો સૌ મુમુક્ષુજનોએ કાયમ યાદ રાખયા જેવું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં જે ધર્મકુળને ગુરુપદે સ્થાપન કરીને આચાર્ય પરંપરાની મજબુત કેડી વહેતી કરી છે તે વંદન કરવા યોગ્ય છે.

વર્તમાન કાળે શ્રી નરનારાયણદેવના દેશમાં ગુરુ પદે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આપણને સૌને પ્રાપ્ત થયા છે. તે પરમ સૌભાગ્યની વાત છે ! નિષ્કુળાનંદ સ્વામી પોતાના કાવ્યમાં લખે છે - "ગુરુકૃપાએ સુખ પામીએ, ગુરુકૃપાએ ઉપજે જ્ઞાન. નિષ્કુળાનંદ ગુરુકૃપા કરે તો, આપે અવિચળ દાન" આવા પરમ આદરણીય ગુરુ મહારાજની કૃપા દ્રષ્ટિ સમસ્ત સત્સંગ પર કાયમ રહેલી જ છે. જે મુમુક્ષુને આવા ધર્મગુરુ પાસેથી ગુરુમંત્ર પ્રાપ્ત થયો છે, તે મુમુક્ષને અવિચળ દાન એટલે અક્ષર પદવીની પ્રાપ્તિ અવશ્ય થશે. ગુરુપૂર્ણિમાના શુભ દિને અમદાવાદ મંદિરમાં દેશોદેશના પૂ. સંતો અને ૧૦ હજાર જેટલા હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું "ષષ્ઠી પૂર્તિ મહોત્સવ"ની સંધ્યાએ ગુરુ પૂજન કરી ગુરુઋણમાંથી મુક્ત થવાનો નમ્ર પ્રયાસ કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને જે ધર્મગુરુ આચાર્ય મહારાજ આપ્યા છે તેમના પ્રત્યે હદયની નિષ્ઠા અર્પણ કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને ભગવાન શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરીએ !

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૦૪)

વિદેશ ધર્મયાત્રા

નારાયણપર (કચ્છ)ના હરિભક્તો દ્વારા લંડન (યુ.કે.)માં આયોજીત ઉત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી અમેરિકામાં સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

તા. ૨૮-૬-૨૦૦૪ના સ્વદેશ અમદાવાદ પધાર્યા.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૦૪)

૨ થી ૪ હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૬ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર સુવર્ણ સુખશૈયાના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૧૧ પ.ભ. ડૉ. દિલીપભાઈ આમેટાને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા મહેમદાવાદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી ઘનશ્યામ એમ્પોરિયમમાં પધરામણી, ખોખરા.
પ.ભ. મગનભાઈ કરમશીભાઈ પટેલને ત્યાં પધરામણી, ખોખરા.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની પાટોત્સવ પ્રસંગે પધરામણી.
યશ કીર્તિડેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, વસ્ત્રાલ.
નવકાર ડ્રગ્સ પ્રા.લી.ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, આંબાવાડી.
પ.ભ. સોની જગદીશચંદ્ર અંબાલાલના 'શો-રૂમ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી નિર્ણયનગર.

૨૦ કોઠંબા ગામે પધરામણી.

૨૧ પ.ભ. રામભાઈ ભગત (બળોલ વાળા)ના 'ભગત ઓટો કન્સલ્ટ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી નવરંગપુરા.

૨૨ કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળ પધરામણી.

૨૩ પ.ભ. દલસુખભાઈ વી. દેવાણીને ત્યાં પધરામણી, સેટેલાઈટ. (સોક્રેટીસ એજ્યુકેશનનું ઉદ્‌ઘાટન)

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ (બહેનોનું) પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર દર્શનાર્થે અને હરિભક્તને ત્યાં પધરામણી.
સાંજે સાણંદ સભા પ્રસંગે પધરામણી.

૨૮ પ.ભ. પટેલ માધવલાલ કચરદાસના "યમુના હાર્ડવેર"ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, દરિયાપુર.



॥ શ્રીહરિઃ ॥

શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અધિકમાસ (પુરુષોત્તમમાસ) ધામધુમથી ઉજવાશે

શ્રીહરિના વ્હાલા ! સર્વે હરિભક્તોને આનંદ સહ જણાવવાનું જે : આ વરસે અધિક "શ્રાવણ" પુરુષોત્તમ માસ તા. ૧૮-૭-૨૦૦૪ રવિવારના શુભ દિને પ્રારંભ થાય છે. દર ત્રણ વર્ષે આ પવિત્ર માસનું આગમન થાય છે.

વ્હાલા ભક્તો ! આ અમૂલ્ય મહામૂલો મનુષ્ય જન્મ મળ્યો છે. અને તેમાં પણ આવા રૂડા સત્સંગનો યોગ થયો છે. **उत्सवप्रियाः जनाः** ની શાસ્ત્રોક્તિ મુજબ કળીયુગના જીવાત્માને ઉત્સવ ખૂબજ પ્રિય છે. આપણી વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ ભગવાનના મંદિરમાં વિવિધ પ્રકારના ઉત્સવો-મહોત્સવો ધામધુમથી ઉજવાય છે. આખા વર્ષમાં આવતા ઉત્સવો, દર ત્રણ વર્ષે આવતા અધિકમાસમાં ઉજવાય છે. દર ત્રણ વર્ષે આવતા અધિક માસની જેમ આ વર્ષે પણ આપણને અધિકમાસ એમાં પણ ખાસ "શ્રાવણમાસ"ની પ્રાપ્તિ થઈ છે ! તો આપણી ઉત્સવોની પરંપરા મુજબ અધિકમાસમાં પ્રતિદિન જુદાં જુદાં ઉત્સવના અમદાવાદમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ ઉત્સવોની અતિ ભવ્ય ઉજવણી થશે અને દિવ્ય દર્શન થશે ! સાથે સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારના દર્શન તો ખરા જ !!!! તો સમસ્ત સત્સંગ સમાજે આ ઉત્સવો-મહોત્સવોના અદ્‌ભૂત દર્શનનો દિવ્ય લાભ જતો કરવા જેવો નથી !!!!! ખાસ સૌ ભક્તજનો દર્શનનો મહા લાભ મેળવી ભાગ્યશાળી બનશો. *- મહંત સ્વામી*

અધિકમાસના એક દિવસના ઉત્સવના મુખ્ય યજમાનપદના રૂા. ૫૦૦૧/-

ઉપરાંત સૌ ભક્તોને ઉત્સવના સહયજમાન બનીને પણ સેવા થઈ શકે તે માટે પવિત્ર ધનુર્માસમાં યોજાતી માસિક ધુનની જેમજ **"માસિક ઉત્સવ"** લખાવીને દિવ્ય લાભ પ્રાપ્ત થઈ શકે છે. **"માસિક ઉત્સવ"**ના **રૂા. ૧૦૦૧/-**

ઉપરોક્ત રકમ કોઠારમાં પૂ. મહંત સ્વામી અથવા કોઠારી સ્વામીને મળીને પાકી પહોંચ મેળવીને ઉત્સવમાં દિવ્ય લાભ પ્રાપ્ત કરીએ.

નોંધ : યજમાનોના નામ આખા મહિના સુધી બોર્ડ ઉપર મુકવામાં આવશે.

ભક્તો ! આ પવિત્ર અધિકમાસમાં તારીખ ૧૧-૮-૨૦૦૪ને શ્રાવણ વદ-૧૧ના દિવસે સવારે ૮-૩૦ કલાકે સભા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ મળશે. જેનો લાભ લેવા માટે કોઠારમાં રૂા. ૧૨૫-૦૦ ભરી પાવતી મેળવી લેવી. *- કોઠારી સ્વામી*

અધિક પુરૂષોત્તમ માસનો કાર્યક્રમ

તિથિ	તારીખ	ઉત્સવ	સમય
શ્રાવણ સુદ-૧ રવિવાર	૧૮-૭-૨૦૦૪	બાલબાલ દર્શન	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૨ સોમવાર	૧૯-૭-૨૦૦૪	રથયાત્રા	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૩ મંગળવાર	૨૦-૭-૨૦૦૪	શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ	૬-૩૦ સવારે અભિષેક ૮-૩૦ સવારે અન્નકૂટ શણગાર
શ્રાવણ સુદ-૪ બુધવાર	૨૧-૭-૨૦૦૪	ગણેશ ચતુર્થી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૫ ગુરુવાર	૨૨-૭-૨૦૦૪	વસંત પંચમી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૬ શુક્રવાર	૨૩-૭-૨૦૦૪	કુંજગલી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૭ શનિવાર	૨૪-૭-૨૦૦૪	શાકોત્સવ	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૮ રવિવાર	૨૫-૭-૨૦૦૪	રાધાષ્ટમી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૯ સોમવાર	૨૬-૭-૨૦૦૪	રામનવમી તથા બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ	૬-૩૦ સવારે અભિષેક ૮-૧૫ સવારે શણગાર ૮-૧૫ સવારે અન્નકૂટ દર્શન
શ્રાવણ સુદ-૧૦ મંગળવાર	૨૭-૭-૨૦૦૪	વિજ્યા દશમી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૧૧ બુધવાર	૨૮-૭-૨૦૦૪	તુલસી વિવાહ	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૧૨ ગુરુવાર	૨૯-૭-૨૦૦૪	વામન બારસ રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ	૬-૩૦ સવારે અભિષેક ૮-૧૫ સવારે અન્નકૂટ શણગાર
શ્રાવણ સુદ-૧૩/૧૪ શુક્રવાર	૩૦-૭-૨૦૦૪	નૃસિંહ જયંતી	૮-૧૫ સવારે
શ્રાવણ સુદ-૧૫ શનિવાર	૩૧-૭-૨૦૦૪	શ્રી હનુમાનજી પૂજન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૧ રવિવાર	૧-૮-૨૦૦૪	ક્ષીર સ્નાન	૬-૩૦ સવારે
શ્રાવણ વદ-૨ સોમવાર	૨-૮-૨૦૦૪	હિંડોળા ફુલના	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૩ મંગળવાર	૩-૮-૨૦૦૪	હિંડોળા ચાકલેટના,	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૪ બુધવાર	૪-૮-૨૦૦૪	હિંડોળા ફુલના	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૫ ગુરુવાર	૫-૮-૨૦૦૪	હિંડોળા ડ્રાયફ્રુટના	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૬ શુક્રવાર	૬-૮-૨૦૦૪	છપૈયાધામ દર્શન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૭ શનિવાર	૭-૮-૨૦૦૪	વનવિચરણ દર્શન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૮ રવિવાર	૮-૮-૨૦૦૪	જન્માષ્ટમી	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૯ સોમવાર	૯-૮-૨૦૦૪	નંદ મહોત્સવ	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૧૦ મંગળવાર	૧૦-૮-૨૦૦૪	હિમાલય દર્શન,	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૧૧ બુધવાર	૧૧-૮-૨૦૦૪	સમૂહ મહાપૂજા, હિમાલય દર્શન	૮-૩૦ સવારે
શ્રાવણ વદ-૧૨ ગુરુવાર	૧૨-૮-૨૦૦૪	હિમાલય દર્શન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૧૩ શુક્રવાર	૧૩-૮-૨૦૦૪	હિમાલય દર્શન, શિવરાત્રિ શિવ પૂજન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૧૪ શનિવાર	૧૪-૮-૨૦૦૪	હિમાલય દર્શન	૮-૧૫ સવારે
શ્રાવણ વદ-૩૦ રવિવાર	૧૫-૮-૨૦૦૪	અન્નકૂટ ગોવર્ધન પૂજા નોંધ: મંગળાના દર્શન સવારે ૬-૩૦ કલાક સુધી જ થશે	૮-૩૦ સવારે
શ્રાવણ વદ-૩૦ સોમવાર	૧૬-૮-૨૦૦૪	વિષ્ણુયાગ	૮-૧૫ સવારે

કોઠારમાં પોતાનું યજમાનપદ નોંધાવી અને નામ સરનામું વગેરે લખાવી પાકી પહોંચ મેળવી લેવી.

નોંધ : તારીખ ૧૧-૮-૨૦૦૪ને શ્રાવણ વદ-૧૧ના દિવસે સવારે ૮-૩૦ કલાકે સભા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ મળશે. જેનો લાભ લેવા માટે કોઠારમાં રૂા. ૧૨૫-૦૦ ભરી પાવતી મેળવી લેવી.

-મહંત સ્વામી

લેકલેન્ડ સીટી-ફ્લોરિડા મંદિરમાં પધારેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

ફ્લોરિડાની લેકલેન્ડ સીટીમાં મુખ્ય માર્ગ ઉપર અતિ વિશાળ જગ્યામાં આપણું શ્રીસ્વામિનારાયણ મંદિર આવેલું છે.

તા. ૮-૬-૨૦૦૪ના રોજ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મહંત શા. સ્વા. શ્રી નિર્ગુણદાસજી પધારેલા. જેવાં પ.પૂ. મહારાજશ્રી મંદિરના પ્રાંગણમાં પ્રવેશ્યા કે ૧૧ કળશ યુક્ત બાલિકાઓ સહિત સર્વે હરિભક્ત ભાઈ બહેનોએ એમનું ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. "મારે આજ પ્રિતમ ઘેર આવ્યા....." આ શબ્દો જાણે ફ્લોરિડાની ભૂમિ ઉપર પ્રથમ વાર સાકાર પામ્યા.

સૌ પ્રથમ પ.પૂ. મહારાજશ્રીએ સિંહાસનમાં બિરાજેલ શ્રી નરનારાયણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિમાઓની આરતી ઉતારી. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીનું અભિવાદન ડેટોનાબીચ વાળા શ્રી ભરતભાઈ તથા મહેન્દ્રભાઈએ કર્યું અને એમની આરતી ઉતારી.

સભામાં પૂ. મહંત સ્વામીએ પ્રવચનમાં સરસ વાત કરી કે આપણે સૌ તો અક્ષરધામના કાયદેસરના વીસા વાળા છીએ ! મતલબ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે જોડાયેલાં હોવાથી સીધે સીધા સત્સંગમાં જોડાયેલાં રહીને આવું દિવ્ય સુખ પ્રાપ્ત કરી રહ્યાં છીએ.

સુંદર ભજન કીર્તનો માણ્યા બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ એમનાં આશીર્વચનમાં જણાવ્યું.

" 'હું' અને 'તું' એ બંન્નેનું મહત્વ છે. હું એટલે અહમ્-ઈગો જ્યારે સત્સંગમાં જવાનું હોય, ભજન ભક્તિ પ્રાપ્ત થતી હોય ત્યાં "હું જઈશ જ." એમ રાખવું. અને આપણા વ્યવસાય ધંધામાં 'તું' એટલે શ્રીજી મહારાજને હરહંમેશ આગળ રાખવાં, તો સર્વ પ્રકારે સુખ આવે છે. બે વહાણ મધ દરિયે જતાં હોય એમાં જે નાવિક સીધે સીધું કોઈ દિશા વિના હંકારે રાખે તો એનું કોઈ ઠેકાણું નહીં. પરંતુ જે નાવિક, ધ્રુવ ચોકડી એટલે કે હોકાયંત્ર ને મધ્યમાં રાખીને હંકારે તો પોતાની મંજીલે અવશ્ય પહોંચે છે. એમ આપણે પણ શિક્ષાપત્રી રૂપી ધ્રુવ ચોકડી ને કેન્દ્રમાં રાખીને જ સર્વ વ્યવહાર કરવો."

અહીં અત્યારે વિશાળ શિખરબંધ મંદિર માટેની સર્વ તૈયારીઓ થઈ ચૂકી છે. અને પ.પૂ. મહારાજશ્રીનાં આશીર્વાદથી ટૂંક સમયમાં શ્રીહરિ એમાં બિરાજમાન થશે.

ટેમ્પા-જ્યોર્જિયા તથા આસપાસથી ૨૫૦ જેટલા સત્સંગીઓ હાજર રહેલાં અને સર્વેએ દિવ્ય દર્શન સુખ માણ્યું.

(ફ્લોરિડા સત્સંગ મંડળ વતી)

વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં શ્રીહરિનાં સર્વે આશ્રિતોને એક અમૂલ્ય દિવ્ય ભેટ આપી. શ્રીહરિના આ અપર સ્વરૂપે પોતાના સ્વહસ્તે - સ્વ કલમથી વચનામૃતમાંથી દોહન કરીને વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ નામની અલૌકિક પુસ્તિકા તૈયાર કરીને સમસ્ત સત્સંગને અર્પણ કરી. આ પુસ્તિકના અક્ષરે અક્ષર અને શબ્દે શબ્દ નીરખી નીરખીને વાચન કરશે અને જીવમાં ઉતારશે તો સર્વોપરિશ્રી નરનારાયણદેવ તેનું અતિ રૂડું અને મંગળ કરશે તેમાં શંકાને સ્થાન નથી. માટે વ્હાલા દરેક હરિભક્તોએ જો આ દિવ્ય પુસ્તિકા ન લીધી હોય તો આપણા અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી જરૂર મેળવી લેવી. અને તે નિત્યે વાંચવી અને તેનું મનન કરી. તેની પૂજા કરવી.

- મહંત સ્વામી

હસવું છે હળવે હળવે

– શાસ્ત્રી સ્વામી
ઘનશ્યામપ્રકાશદાસજી
(મહંતશ્રી નારાયણઘાટ)

આજે Hari, Vari અને Money ના ત્રિપાંખિયા ઝંઝાવાતમાં હાસ્યતો બિચારૂં કોણ જાણે ક્યાંય ખોવાઈ ગયું છે. અને એના સ્થાને પ્લાસ્ટીક સ્માઈલ, ડુપ્લીકેટ કે આર્ટિફિસિયલ માત્ર હસવાના બનાવટી ભાવ ખેંચાતા જોવા મળે છે. હાસ્ય એ તો પ્રફુલ્લિત મન, રસ, ધન ચિત્ત માંથી ઉભરાય ને બહાર આવતા સુખની મીઠી શેડ છે. જે પોતાના રોમે રોમને તો પુલકિત કરી જ દે છે. ઉપરાંત સામેની વ્યક્તિઓને પણ પળ બે પળનો સુખદ અનુભવ કરાવી જાય છે. આવું હાસ્ય અતિશય દુર્લભ છે. માણસને હસમુખો ચહેરો મળવો તે ભગવાનનું એક વરદાન છે. અને વ્યક્તિનો એ કુદરતી શણગાર છે. અને તેમાંથી સૌંદર્ય અને વ્યક્તિત્વ અનેરૂ નીખરે છે. આપણે વિવિધ પ્રસંગોએ જુદાં જુદાં કારણસર જુદી જુદી રીતે અને જુદાં જુદાં સ્તરે હસતા હોઈએ છીએ. મોટા ભાગેતો માણસ હસવાનું ભૂલતો જાય છે. અને જ્યારે હસે છે ત્યારે કોઈના ભોગે હસે છે. એટલે ઠઠ્ઠા મશ્કરી કે કોઈને ઉતારી પાડી પોતે હસતો હોય છે. સરદાર વલ્લભભાઈ પટેલ કોલેજના વિદ્યાર્થીઓને સંબોધીને કહે છે કે, "હસો ખૂબ હસો પણ હસવા જેવું જીવન ન બનાવવું" ત્રીજું ગરવિષ્ટ હાસ્ય એટલે કે પોતાના આડમ્બરને વ્યક્ત કરતું હાસ્ય કે રાવણ કે કુંભકર્ણ જેવા અટ્ટહાસ્ય પણ થતા હોય છે. વળી ગૃપમાં વાતો થતી હોય અને બધા સાથે સુર પુરાવવા વગર સમજે પરાણે હસવું પડતું હોય છે. ઘણું હાસ્ય માત્ર મુખ પર તરવરે છે. જ્યારે અમુક સમયે મનનો સંતોષ મુખ પર હાસ્ય રૂપે તરવરી આવે છે. ક્યારેક તો ખડખડાટ હાસ્યથી ચોતરફનું વાતાવરણ ગુંજી ઉઠે છે.

વિવિધ રૂપના હાસ્યોમાં આજે મારે જે વાત કરવી છે. તે કાંઈક જુદી જ છે. જ્યાં સુધી હૈયામાં ઉદ્વેગ છે. ત્યાં સુધી એનું હાસ્ય નિરર્થક છે. નિર્દોષ હાસ્ય માત્ર બેજ વ્યક્તિઓ પાસેથી માણી શકાય. એક બાળક પાસેથી અને બીજું બ્રહ્મ પાસેથી. એમા બાળકનું હાસ્ય મીઠું મધુરૂ, પ્રેમાળ અને નિર્દોષ હોવા છતાં એ ક્ષણિક અને અજ્ઞાન અવસ્થામાં હોય આગળ જતા એ વિલીન થઈ જાય છે. જ્યારે જ્ઞાની સત્ત પુરુષોનું હસવું એ ચૈતન્ય બ્રહ્મ અવસ્થામાં અનુભવતા સુખસાગર હરિવરના સ્વરૂપમાંથી ઉછળતા આનંદના મોજાઓ મુખારવિંદ ઉપર હાસ્યરૂપે રેલમછેલ કરતા હોય છે. જે પોતે તો પરમ આનંદમાં રસતરબોળ રહી અનેકો અનેકને માત્ર હાસ્ય રસમાંજ ખુશ ખુશાલ કરી દે છે. બસ ધ્યાનસ્થ હોય તો પણ મંદમંદ મધુરમધુર મુસ્કાતે હૈ મુસ્કાતે હૈ રસ છલકાતે હૈ. આરતી ઉતારતા હોય તો જાણે હસતા હસતા પ્રભુના ઓવારણા લેતા હોય પ્રદક્ષિણામાં પ્રભુ સાથે ફેરા ન ફરતા હોય ? પધરામણી હોય કે ઉદ્ઘાટન હોય કે વ્યવહાર હોય. કથામાં સંત હરિભક્તો સાથે બ્રહ્મરસની લહાણી કરતા હોય ને મુક્તોના વ્યવહારની ખબર અંતર પૂછતા હોય જાણે ! "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ સાથે રે" અંદર બહાર સર્વકાળે આનંદ સ્વરૂપ આત્મામાં પરમાનંદ પરમાત્મા સાથે સદાય આનંદ અનુભવતા પ.પૂ. મહારાજશ્રી અને સંતો પરમ સુખરૂપ આનંદરૂપ છે.

એમનું હાસ્ય ને વાણી એ બન્નેએ જાણે કે નેત્રોનું માધ્યમ પસંદ કર્યું છે. માટે આપણને એમાંજ કેન્દ્રીત થવું રહ્યું. એમના રૂચિ, રહસ્ય, અભિપ્રાય, કથા કીર્તન, વાતો, પ્રસાદ કે પછી આશ્વાસનને આશીર્વાદ એ સઘળું સુખદ, આછા સ્મિત સાથે દૃષ્ટિના દાનમાં સભર ભરી દે છે. આપણે પણ સૌ એ ખાસ કરીને હસવું છે. જો હસવુજ છે. હળવે હળવે પ્રગટ પ્રભુને પ્રાર્થના છે કે આપના સ્વરૂપમાં પ.પૂ. મહારાજશ્રી મળ્યા છે. તેઓ પૂર્ણ છે. તેઓની ભેગા સાક્ષાત્ આપ સ્વયં સાંગોપાંગ એટલે અમારા જીવનમાં આવનાર નાના-મોટા કે નરસા તમામે તમામ પ્રસંગોના કેવળ આપજ પ્રેરક અને નિયંતા છો. તેવી દૃઢતા પૂર્વકની નિષ્ઠા જાણપણું આપજો. જેથી હર્ષ, શોક રાગ, દ્વેષમાં પડી ન જવાય માન, મોટપમાં અહંકારીપણામાં લેવાય જવાય નહીં તેવી અમારા પર કૃપા કરજો. શ્રીહરિના સ્વરૂપમાં સદાય મસ્ત રહીને હળવે હળવે હાસ્ય કરવું.

આદર્શ

– સાધુ સંકીર્તનવલ્લભદાસ ગુરુ શા. ઘનશ્યામપ્રકાશદાસજી (લોયા)

જીવન પ્રભાતથી જીવનના અસ્તાચલ સુધીમાં જો કોઈ અતિ અનિવાર્ય અને મહત્વની કડી હોય તો તે છે આદર્શ. જેમ સવાર પછી સાંજ અને સાંજ પછી સવાર એ એક કાળચક્ર છે. તેમ જીવનમાં પણ બાળપણ, બાળપણ પછી યુવાની અને યુવાની પછી ગઢપણ આ એક કાળ ચક્ર છે. આ બધી અવસ્થાઓની વચ્ચે જીવનમાં સફળ વ્યક્તિત્વવાન મનુષ્ય બનવું હોય તો એક જ માર્ગ છે આદર્શ.....

વિશ્વની બે મહાન સંસ્કૃતિ છે. એક તો આપણી 'હિન્દુ આર્ય સંસ્કૃતિ' અને બીજી ગ્રીકની 'રોમન સંસ્કૃતિ'. ગ્રીકના શિલ્પકારોએ ગ્રીકના મહાન યોધ્ધાઓને મૂર્તિના રૂપમાં કંડાર્યા. આ યોધ્ધાઓની સ્વરૂપ અને સૌષ્ઠવવાળી મૂર્તિ, નિર્બળ અને માંયકાંગલા એવા 'યૂજીન સેન્ડો' એ જ્યારે જોઈ ત્યારે તેના મનમાં અદ્‌ભૂત આદર્શનો સંચાર થયો. તે વિચારવા લાગ્યો કે શું મારૂં પણ આવું મજબૂત અને માંસલ શરીર ન હોઈ શકે ? શું મારાથી આ અશક્ય છે ? શું મારાથી આવું ના થઈ શકાય ? બસ તે દિવસે અને તે ક્ષણે નિહાળેલી એ શિલ્પકૃતિ એના જીવનનો આદર્શ બની. જેના પરિણામે શરીરને માંસલ અને મહા મજબૂત બનાવવાના મહા-પ્રયત્નો તેણે શરૂ કર્યા. ઉત્તમ આદર્શે તેના જીવનમાં એક એવો સમય લાવી આપ્યો કે જે સમયે સમગ્ર ગ્રીકમાં યુજીન-સેન્ડો જેવો કોઈ બળવાન-શૂરવીર કે મજબૂત માણસ ન હતો. ત્યારથી ગ્રીક સંસ્કૃતિમાં મજબુતીનું બીજું નામ 'સેન્ડો' રાખવામાં આવ્યું જે અપભ્રંશ થતું થતું 'સુમો'ના રૂપમાં આપણી સામે પ્રસ્તુત છે.

આતો આદર્શની અદ્‌ભૂત શક્તિનો આછો પાતળો પરિચય પુરૂ પાડતું એક દ્રષ્ટાંત થયું પરંતુ.....

જેના જીવનમાં આદર્શનું સ્થાન નથી. તેનું જીવન પાઈલોટ વિનાનું પ્લેન, ડ્રાઈવર વિનાની ગાડી અને એડમિરલ વિનાની બોટ જેવું છે. અથવા તો એમ કહી શકાય કે સૂર્ય વિના દિવસ અને ચંદ્ર વિના ચાંદની રાત ના હોઈ શકે. તેમ ઉચ્ચ આદર્શ વિના જીવનની પ્રગતિ ન જ હોઈ શકે. જેમ નવા મકાનને ચમકાવવા કલર કે લાઈટીંગની જરૂર છે. જેમ નવા ગીતને ચમકાવવા સારા સંગીતની જરૂર છે ને જેમ નવી વસ્તુને ચમકાવવા સારી જાહેરાતની જરૂર છે. તેમ જીવનને ચમકાવવા આદર્શની જરૂર એ અનિવાર્ય વાસ્તવિકતા છે. આજના આપણી આર્ય સંસ્કૃતિના કોઈ નવયુવાનને પૂછો કે તારો આદર્શ કોણ ? તો કળિકાળના કલુષિત મગજના યુવાનો પાસે આ પ્રશ્નનો જવાબ જ નહિ હોય અથવા તો જવાબ હશે. માઈકલ જેકશન, આજના ફેશન અને ફિટનેશના રંગે રંગાયેલા યુવાનોનો આદર્શ નહિ તો સરદાર પટેલ હોય કે નહિ તો સુભાષચંદ્ર બોઝ હોય. એમનો આદર્શ બોલીવુડ કે હોલીવુડના જ કોઈ એકટર હશે.

પરિણામે આ સમાજ ક્ષણે ક્ષણે અધઃપતન તરફ ધકેલાઈ રહ્યો છે.

૨૦૦ વર્ષ પહેલાના ઈતિહાસ પર નજર કરીએ તો અધ્યાત્મ-આદર્શના મહાસાગર સમા શ્રીજી મહારાજે પોતાની એક એક લીલારૂપ તરંગમાંથી અનેક આદર્શોનું સર્જન કર્યું. એટલું જ નહિ. સાથો સાથ અજીબ અને અડગ એવી પાંચસો પાંચસો આદર્શ મૂર્તિઓ (પરમહંસો) આ જગતને ભેટ ધરી. જેમાં મનમોહનની મોહમય મુસ્કાનમાં મોહિત થઈ મુક્ત કંઠે સંસારને અસાર અને સર્વેશ્વરને સર્વનો સાર બનાવનાર મુનિવર મુક્તાનંદજી, વૈવિધ્ય સભર વિદ્યાના વારસાને વિકસાવનાર નિત્યાનંદજી, પૂર્ણપુરુષોત્તમના પૂર્ણ પ્રેમમાં પૂર્ણ પ્રવીણ પ્રેમ સખી ઈત્યાદિ નંદ સંતોની ગણના કરવામાં આવે છે. દયા સાગરે ન તો ફક્ત સંતોની જ આદર્શ સરિતા વહાવી પરંતુ સાથો સાથ ગૃહસ્થ હરિભક્તોના સર્વોપરી આદર્શ સરોવરો પણ રચ્યા. જેમાં ગૃહસ્થ મુક્તોમાં પૂર્ણતાનું પ્રતીક પર્વતભાઈ તો ક્યાંક સમ્પૂર્ણ સમર્પણની મૂર્તિ દાદા ખાચર તો ક્યાંક સત્સંગના વિનોદવાળા વાવાઝોડા સાથે આનંદનો વરસાદ વરસાવનાર પ્રેમી અને શૂરવીર સુરાખાચર ઈત્યાદિ.

કરૂણામૂર્તિની કરૂણાથી આ તમામ ભક્તોના આદર્શ કુંભ નો ઓછાયો આજ દિન સુધી આપણી વચ્ચે છે. જગતના એ શીરમોર રત્નોની ચાકચક્યતા ધરોધર પ્રસરાયેલી છે. એટલું જ નહિ તેના ભાવવાહી સ્પંદનો એક એક સંત હરિભક્તના હૃદયમાં ગાંડીવ ટંકારની જેમ ગુંજી રહ્યા છે. એ મૂર્તિઓને આદર્શ માની અનેક જીવો અક્ષરધામના અધિકારી બન્યા છે. આપણે પણ આવા મહાન સંત હરિભક્તોના જીવનમાં ડોકીયું કરી, કોઈકને પોતાના આદર્શ તરીકે સ્વીકારી જીવનને એવું બનાવીએ કે આપણું જીવન જોઈ મહાપુરુષોની અને પરમેશ્વરની છાતી ગજ ગજ ફૂલે.....

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીનું જીવન ચરિત્ર



– સ્વામી યજ્ઞપ્રકાશદાસજી
ગુરુ સ્વામી સૂર્યપ્રકાશદાસજી
(મૂળીધામ)

ગિરીરાજ આબુની ગોદમાં શિરોહી રાજ્યમાં ખાણ નામે ગામ છે. જ્યાં ઉદ્ધવ સંપ્રદાયનો આશ્રિત એવો ભક્ત સમુદાય વશે છે. તેમાં ભગવાન પ્રત્યે અનન્ય નિષ્ઠાવાન, ભગવદ્ પરાયણ, ચારણકુળના આભૂષણ રૂપ, શિરોહી રાજ્યના રાજકવિ શ્રી આશિયા શંભુદાન ગઢવી અને તેમના પતિવ્રતા ધર્મપત્નિ શ્રી લાલુબા નામે દંપતિ નિવાસ કરે છે.

આ દંપતિ શ્રી રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય હતા. સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી જ્યારે ખાણ ગામ પધારતા. ત્યારે આ પવિત્ર દંપતિના ઘેર ઉતારો કરતા.

સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીની વિદાયને બે માસ ને ૨૪ દિવસ થયા.

વિક્રમ સંવત ૧૮૨૮ના મહા સુદ પાંચમ (વસંત પંચમી) તા. ૮-૨-૧૭૭૨ને શનિવારનું મંગલકારી પ્રભાત ખીલ્યું !

ઋતુઓની રાણી વસંત પોતાની અદ્‌ભૂત સુવાસ પ્રસરાવી રહી હતી. બુઢાકેદારેશ્વર મહાદેવના મંદિરમાં શંખધ્વનિ થતા, નામદેવના મંદિરમાં આરતીના નાદ સાથે દીપમાળાઓ જળહળી ઉઠી ! અને આકાશમાં અત્યંત ઉજ્જવળ પ્રકાશ ખાણ ગામને અજવાળી રહ્યો ! બરાબર એ જ ક્ષણે, શિરોહી રાજ્યના દર્શોદિ કવિરાજ શ્રી શંભુદાન ગઢવીના ઘેર, મહાસતી શ્રી લાલુબાએ એક અત્યંત તેજસ્વી સુપુત્રને જન્મ આપ્યો !

"પુત્રના લક્ષણ પારણામાંથી, પરણેતરના લક્ષણ બારણામાંથી" એ જૂની કહેવત અનુસાર શ્રી લાડુદાન અત્યંત ચતુર હોંશિયાર અને તેજસ્વી અને કોઈ દિવ્ય આત્મા જણાતા હતા.

મંગલ પ્રભાતે જાગૃત થઈ સ્નાન, પૂજા-આદિક વિધિ પૂર્ણ કરી માતા-પિતાને પ્રમાણ કરી, ગામમાં આવેલી "ઘૂડી નિશાળમાં" અભ્યાસ કરતા અને દેવમંદિરોમાં દર્શન કરવા હંમેશા જતા. શ્રી લાડુદાનને નાનપણથી જ કાવ્ય, સાખી તથા છંદ બનાવવાનો શોખ હતો તથા ઘોડે સ્વારીનો પણ શોખ હતો.

કવિપુત્ર શ્રી લાડુદાનજીને સંગીત પ્રત્યે નાનપણથી જ રૂચિ હોવાથી તેઓ દુકડ, સરોદા, મૃદંગ આદિક વાજીંત્રોનો પ્રાથમિક અભ્યાસ કુળગોર શ્રી શિવશંકર મહારાજ પાસે કરતા

શિરોહી મહારાજશ્રી, ભર-દરબાર પચ્ચે પોતાના ખોળામાં બેસાડતા તથા છંદ અને સાખી બોલતા. કાલી ઘેલી પણ અત્યંત છટાદાર વાણી સાંભળીને સર્વેને આનંદ થતો.

કવિરાજશ્રી લાડુદાનજી દરરોજ નવા-નવા કીર્તનો બનાવીને શ્રી હરિ આગળ ગાઈને સંતો ભક્તો તથા શ્રી હરિને રાજી કરતા. દરમિયાન શ્રી હરિએ કવિરાજને કહ્યું "કવિરાજ, ગઢપુર એભલ ખાચરની બે નવયુવાન કુંવરીઓ પરણવાની ના પાડે છે અને ગામના લોકો જેમ ફાવે તેમ વાતો કરે છે તે અમારાથી રહેવાતુ નથી. તો તમો ગઢપુર જઈને લાડુબા તથા જીવુબાને પરણવા માટે સમજાવો.

શ્રી હરિની આજ્ઞાથી કવિરાજ ગઢપુર આવ્યા. સૌએ સ્નેહથી કવિરાજનું સ્વાગત કર્યુ. કવિરાજે શ્રીહરિની આજ્ઞા જણાવી. ઓસરીમાં ગાદી પર કવિરાજ બેઠા ઓરડામાં

પડદો નાખીને સાંખ્યયોગ પાળીને ભગવત્ ભજન કરતા બન્ને બહેનો બેઠા.

કવિરાજે પોતાની વાક્ ચતુરાઈથી અનંત પ્રકારે બહેનોને ગૃહસ્થાશ્રમ સ્વીકારવા વિનંતિ કરી. પણ બહેનોએ કહ્યું "કવિરાજ" ભગવાન ભૂલાડી દે તેવા જગતમાં તમને શું માલ મનાયો છે ? સંસારની ખાટી છાસ કરતાં ભગવાન સબંધી પકવાનોનો સ્વાદ ચાખો તો ખબર પડે કે ભગવાન સંબંધી સુખ કેવુ મધુર છે.જગતનું સુખ તો અંતે દુઃખદાયી અને નાશવંત છે.

શ્રીહરિના ચરણે આવીને રડતી આંખે પ્રાર્થના કરી કે "હે મહારાજ, શ્રી કૃષ્ણ પ્રભુએ ઉદ્ધવજીને ગોપીઓ પાસે જ્ઞાન આપવા નહિ પણ લેવા મોકલ્યા હતા તેમ આપે મને જ્ઞાન લેવા મોકલ્યો હતો. માટે હવે મારી અંતરની આંખ ખૂલી ગઈ છે. તો આપ મને સાધુ દીક્ષા આપો અને આપની સેવાનો અધિકારી બનાવો.

મંદ-મંદ હસ્તા શ્રીહરિએ ભગવા વસ્ત્ર હાથમા લીધા. અને મહા કવિશ્વર શ્રી લાડુદાનજીને સદાને માટે પહેરાવી દીધા. ભાગવતી દીક્ષા આપી શ્રી રંગદાસ નામ પાડ્યું. માતાને જાણ થતા માતાએ રડતા રડતા કહ્યું"બેટા લોકો શું વાતો કરશે ? કે આટ આટલું ભણાવીને દીકરાને જ્યાં ત્યાં રખડતો મુકી દીધો. દુરિજનના મેણાતો સહન કરી લેશું પણ અમારુ શું થશે. લાડુદાન અમારો જરા પણ વિચાર ન કર્યો.

આ સાંભળીને સ્વામીજી બોલી ઉઠ્યા. "મા તમે કહો છો કે જ્યાં ત્યાં રખડતો મુક્યો" ? જ્યાં ત્યાં નહીં મા પ્રગટ ભગવાનની ઓળખ કરીને તેને શરણે થયો છું.

યાદ છે ? "મા" આપણા રામાનંદ સ્વામી કહેતા કે હું તો ડુગડુગીનો વગાડનારો છું. ખરો ખેલ ભજવનારા નટવર તો પાછળથી જ આવશે.

તે જ આ નટવર છે.

સ્વામીની વાણી સાંભળીને સૌએ અતિ આનંદની સાથે હા પાડી દીધી. "હે લાડુદાન જો એમજ હોયતો અમો સૌ રાજી છીએ. અને જેની સાથે સગપણ થયું હતું એણે પણ જીવન ભર બ્રહ્મચર્યપાળીને ભગવાન ભજવાની પ્રતિજ્ઞા લીધી. સૌની સમક્ષ ભગવાન શ્રી હરિ એ વચન આપ્યું કે "કવિરાજ તમારા પુત્રને અમારા ગણીને જીવ ની જેમ જાળવશું. તમે બે ફિકર રહો કાંઇ પણ ચિંતા ન કરશો.

ભગવત પરાયણ જીવંત પર્યન્ત અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય તથા સાચી સાધુતા અને સત્સંગ વધારવાની ખુમારીથી બ્રહ્મચર્ય કિલ્લોલમા મસ્ત રહેતા સ્વામિ શ્રી રંગદાસજીનું શ્રીહરિએ "શ્રી બ્રહ્માનંદ" નામ પાડી 'સદ્‌ગુરુ' પદ અર્પણ કર્યુ.

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી હરહંમેશ કીર્તનોનો ધોધ વહેવડાવીને શ્રી હરિને પ્રસન્ન કરતા.

"આ બ્રહ્માનંદ સ્વામીને સત્સંગની મર્યાદાનો કોઈ રીતે ભંગ ન થાય એવું અંગ હતું."

શ્રીહરિનું વચન છે કે જે "સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના રચેલા ૧૦૦ કીર્તન દરરોજ જે ગાશે તેને હું પ્રત્યક્ષ દર્શન આપીશ. આવું વરદાન આપ્યું."

સ્વામી મૂળીમાં વિરાજમાન હતા તે દરમ્યાન એક દિવસ કોઈ બાવાજી ગામમાં આવ્યાં. ચારણ-પા માં આવેલ ચોરે જઈને સંત-મહિમાની વાતો કરવા લાગ્યા. ત્યારે ત્યાં બેઠેલા વૃદ્ધોએ કહ્યું એવા સંત તો બ્રહ્માનંદ સ્વામી છે તેમણે આ ગામમાં મોટું મંદિર બંધાવ્યું છે. અને અત્યારે મંદિરનું બાકીનું કામ પુરુ કરાવે છે. એ દર્શન કર્યા જેવા સંત છે. ચાલો ત્યાં દર્શને જઈએ."

સૌ મંદિરમાં આવ્યા, વિશાળ મંદિર જોઈ બાવાજી આશ્ચર્ય પામી ગયા. સ્વામીના દર્શન થતાની સાથે જ બાવાજીને સ્વામી પ્રત્યે પૂજ્યબુદ્ધિ થઈ વંદન કરીને સ્વામીને કહ્યું "આપ આટલું વિશાળ બાંધકામ કરો છો તો તેમા નાણાંની ઘણી જરૂર પડતી હશે માટે હું તમને જડીબુટ્ટી આપુ, તે જે ધાતુ ને અડાડશો તે સોનું થઈ જશે અને તે ધન મંદિરના કામમાં વપરાશે. આ સાંભળીને સ્વામી તરત જ ઉભા થઈને પોતાનો ખેસ દૂર પડેલા થાંભલાને ઓઢાડીને કહે, બાવાજી આ કપડાને લઈ લ્યો. બાવાજીએ કપડું લીધું.ત્યાં તો આખો થાંભલો સોનાનો દીઠો !

સ્વામી બોલ્યા, "મહાત્માજી, અમે ધારીએ તો આખું મંદિર સોનાનું થઈ જાય ! પણ દરેક ભક્તોએ મહેનત કરીને મેળવેલા પૈસા આમાં વપરાય અને તેનું અંતે સારૂ થાય તે માટે અમે એવું ઈચ્છતા નથી."

આ સાંભળી બાવાજી તો સ્વામીના ચરણમાં પડીને વંદન કરવા લાગ્યા. આવા મહાન ગુરુવર્યના ચરણ કમળ માં કોટી-કોટી વંદન.

(મૂળીધામ દર્શનમાંથી સાભાર)

જીવનની મહેક

-પ્રો. મહાદેવ ધોરિયાણી

જીવન અને જગત, જગત અને જીવન અન્યોન્ય ઓતપ્રોત છે. જીવન વગરનું જગત અને જગત વિનાના જીવનનું અસ્તિત્વ જ નથી. જેનું જીવન મહેકરૂપ હોય તેની દૃષ્ટિ જીવનના મૂળ લક્ષ્ય ઉપર હોય છે, અને તે જ દુઃખોથી મુક્ત થઈ શકે છે. વિષાદ અને જીવનની ક્ષણભંગુરતા માનવીને નિઃશબ્દ કરે છે. "તુજ મહેફિલમાં તું સહુને નોતરજે પણ જમ જે અશ્રુનો થાળ એકલો."

જીવનમાં એવી પળ આવે છે જે અંતરના દીપને પ્રજવલિત કરે છે. માનવીને મીઠી માનવતાના કાર્ય માટે જાગૃત કરે છે. ચેતનની એ અદૃશ્ય અંગુલીઓ હૃદયના દ્વાર ખોલે છે અને માનવીને પ્રેરણાનું પાથેય આપે છે. જીવન તો સદાય કાર્યરત રહેશે પણ આપણે માનવતાનો સાદ સાંભળીને માનવતાની સૌરભ પ્રસરાવવા કટિબદ્ધ થવું જોઈએ. મનુષ્ય જેવા વિચારશીલ આત્માએ જીવનની ઉન્નતિ માટે સત્કાર્યે કરવું જોઈએ.

'સોક્રેટીસ' હંમેશ પોતાની સાથે દર્પણ રાખતા અને વારંવાર પોતાનું પ્રતિબિંબ દર્પણમાં જોતા. એક મિત્રે પૂછયું તો તેમણે કહ્યું : "હું એ વિચારું છું કે મારી કુરૂપતા ને બેડોળ દેખાવને ભૂલવા માટે મારે વધુ સારા માનવતાના કાર્યો કરવા જોઈએ. આ તથ્યને યાદ આપવા દર્પણ જોવાથી પ્રેરણા મળે છે. બીજું જેઓ સુંદર છે, સુડોળ છે તેમણે પણ વારંવાર દર્પણમાં જોવું જોઈએ, અને ઈશ્વરે બક્ષેલી સુંદરતામાં કોઈ ખરાબ ડાઘ લાગી ન જાય તે માટે જાગરુકતા કેળવવી જોઈએ."

માનવીની ઝંખના અને તૃષ્ણા અમાપ છે. જીવનને વૈભવના સ્તર પર પહોંચાડવા તે અથાક પ્રયત્ન કરે છે. જીવનની મજલ તો કાપવાની જ છે, પણ અધૂરપ સાથે નહિ, વિશાળ દિલ, ભાવના શાળી મન અને ઈશ્વરની અનુભૂતિ સાથે જીવન વ્યતીત કરવું જોઈએ, તો જ ધર્મની અને માનવતાની મહેક જીવનની સૌરભ પ્રસરાવશે અને જીવન-સભર કરશે.

'રોમાંરોલા'ના શબ્દોમાં કહીએ તો - "આ દુનિયા દુર્જનોની દુર્જનતાથી જેટલી નથી પીડાતી તેટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે. સહુ સજ્જન બને, સજ્જનો સક્રિય બને અને સક્રિય બનેલા સજ્જનો સંગઠિત બને તો ઘણી બધી સમસ્યાઓ સરળતાથી ઊકલી જાય."

આમ કરવાથી નિરાશાના અંધકારમાં મૂંઝાયેલાને એવો જ્ઞાનનો પ્રકાશ મળે છે કે, તે તેમાં કાર્યરત થઈ જાય છે ! માનવતાના કાર્યોમાં તન્મય અને તદાકાર બની જાય છે ! જીવતરની હામ અને જ્ઞાન-પ્રાપ્તિ એક અનેરો અને અનોખો અભિગમ આપે છે. અપૂર્ણતા પૂર્ણતાથી છલકાઈ જાય છે અને જીવન મહેકની સુરખીથી છવાઈ જાય છે. કેટલીક મહાન વ્યક્તિઓ પોતાના જીવનની મહેક મૂકતી જાય છે. મુઠ્ઠી ઊંચેરો માનવી આજે તો દુર્લભ છે, પરંતુ એમના સ્મરણથી જ જીવન ધન્ય બની જાય છે. અંતરની કેડીમાં પથરાયેલાં આ રંગ બે રંગી પુષ્પોની મહેકનો પમરાટ હૈયાને તરબોળ અને તરબતર કરી દે છે.

આજે સત્ય, કર્તવ્યનિષ્ઠા, ફરજ અને પ્રમાણિકતાનાં મૂલ્યો ક્યાં રહ્યાં છે ? આવાં જીવનનાં મૂલ્યો જ તેની મહેક છે. સંસારની કાંટાળી કેડી પરના પુષ્પોની મહેક અને પુષ્પોનો પમરાટ જીવનને ઉન્નતિ તરફ દોરી જાય છે. જીવન ગતિશીલ છે, માનવી સ્વપ્નશીલ છે. સ્વપ્નો સેવો ભલે પણ સ્વપ્નોમાં ન રાચો, હા, સ્વપ્નોની સિદ્ધિમાં જરૂર રાચો. સુકાન વિનાનું વહાણ જેમ મધદરિયે આથડે તેમ માનવી સંસારમાં આથડી રહ્યો છે, પરંતુ પોતાના ઈષ્ટદેવને યાદ કરતો નથી. આજે માનવીને જરૂર છે. સદ્‌ભાવના, સદ્‌વૃત્તિ અને માનવધર્મની, જે માનવતાની કંડારેલી કેડીને માનવતાની મહેકથી ઉન્નત કરે છે.

કુદરત અને માનવીનું કેટલું તાદાત્મ્ય છે. પ્રાકૃતિક સૌન્દર્ય માનવીને અનોખું દર્શન આપે છે. એક ઘટાદાર વૃક્ષ મુસાફરને કહે છે : "તું જેટલી વખત પથ્થર ફેંકશે એટલી વખત ઉપહાર રૂપ હું તને ફળ આપીશ. પથ્થરનો જવાબ પથ્થરથી આપું તો હું માનવતા ભૂલું !"

"નિત નિત ઉછળે છે જિંદગીના મોજા"

જીવનની મહેકનાં એ મોજાં માનવતાના સાગરમાં સંગીતની લહેરીઓ લહેરાવે એ આવકાર્ય અને ઈચ્છનીય છે. અરે ! આ તો કેવી મહેક..... પ્રેમની, ફરજની, નિષ્ઠાની, કર્તવ્ય ભાવનાની, સત્યની, કરુણાની કે મીઠી માનવતાની ?

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે, જીવનની પસાર કરેલી પળો તથા સ્મૃતિઓ આપણા સૂનકારની સાક્ષીઓ બની રહે અને આપણા જીવનમાં સંતોષની મહેક છવાઈ જાય અને જીવન આવી મહેકથી સભર અને સુવાસિત થાય એ જ અભ્યર્થના !

દૃઢ નિશ્ચયવાળા ભક્તની વ્હારે પ્રભુ જરૂર પધારે છે

– જયંતિભાઈ કે. સોની (મેમનગર)

ગઢડા મધ્ય પ્રકરણનાં ૧૪ માં વચનામૃતમાં કહ્યું છે તેમ "ભગવાનનાં સ્વરૂપનાં નિશ્ચયે કરીને જ નિર્ગુણ થવાય છે." ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને થયુ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ એને મોટી બુદ્ધિવાળો જાણવો અને આવુ જ્ઞાન ન હોય તે ઝાઝી બુદ્ધિવાળો હોય તો પણ તેને બુદ્ધિહિન જાણવો. તેથી જ ભગવાનના સ્વરૂપમાં પૂર્ણ નિશ્ચય હોય તો ભગવાન હરકોઈ સ્વરૂપે ભક્તની મહા આફતમાં રક્ષા કરે છે.

શ્રીજીમહારાજના વખતમાં વિસનગર ગામમાં રૂપરામ ઠાકર રહેતા હતા. તેઓ શ્રીજી મહારાજનાં એકાન્તિક ભક્તરાજ હતા અને ત્રણે અવસ્થામાં શ્રીજી મહારાજની મૂર્તિને દેખતા, તેઓ વૈદ્યનું કામ કરતા હતા. એક સમયે તેઓ ગોધરા ગયા હતાં. ત્યાં એક ભયંકર રોગવાળો મનુષ્ય મળ્યો તેને ઔષધ આપીને સાજો કર્યો. એટલે રોગાતુર મનુષ્યે વૈદ્યને બહુ દ્રવ્ય આપ્યું, તે લઈ તેઓ ગોધરાથી પોતાના ઘેર જવા નિકળ્યા. શ્રીજીમહારાજને સંભારતા ગોધરાની ઝાડીમાં ચાલવા માડ્યું. સંધ્યા સમય થઈ જવાથી ઝાડીમાં ઘણો અંધકાર થઈ ગયો હતો. રસ્તો ભૂલી ગયા. ને ઉધી દિશામાં ચાલતા આગળ કોઈ રસ્તો જોયો નહિ તેથી ગભરાયા અને રૂપરામ ઠાકર શ્રીજી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા કે "હે પ્રભુ અત્યારે રક્ષા કરનારા તમો છો હું રસ્તામાં ભૂલો પડ્યો છું અને વનમાં વાઘ, સિંહ, રીંછ, હિંસક પ્રાણીઓ વગેરે આવશે તો ખાઈ જશે તેમજ ચોર લૂંટારાનો પણ ખૂબ ભય છે તે સર્વે થકી મારી રક્ષા કરો." અગાઉ પ્રભુ તમોએ ભક્તોની રક્ષા કરેલી છે તો તમારો અનન્ય ભક્ત એવો હું તે મારી રક્ષા કરો. આપ સિવાય હું આવી અંધકાર ઝાડીમાં મદદ માટે કોને પોકારૂ અને કોને રસ્તો પૂછું, આવી હૃદયદ્રાવક પ્રાર્થના કરી તેથી મહા પ્રભુ મહા દયાળુ એવા શ્રીજી મહારાજ તે અંધકારવાળા ઘટાઘુમ ઝાડીવાળા વનમાં એક સિપાઈનો વેષ ધારણ કરી લાકડી હાથમાં રાખીને પોકાર કરે જે રસ્તે ખબરદાર રહેજો ને કોઈ લૂંટે તો અમને કહેજો. આવી રીતે સરકારી સિપાઈની પેઠે બોલતા રૂપરામ ઠાકર જ્યાં હતાં ત્યાં ચાલ્યા ત્યારે પૂછયું કે કોણ અંધારી રાતમાં આવે છે. રૂપરામ ઠાકરે કહ્યું જે રૈયત આવે છે. ત્યારે સિપાઈના વેષમાં મહારાજે સાંત્વન આપી નજીકમાં જ તેમની એક ઝુંપડીમાં ઠાકરને લઈ જઈ જમવા માટે મગજ-સુખડી આપીને ઠંડુ પાણી પાયુ અને સૂઈ જવા જણાવ્યું. અને થાક ઉતારવા સારૂ રૂપરામ ઠાકરે ના પાડી છતાં તેમના ચરણ દાબ્યા. પછી શ્રીજી મહારાજ અને ઠાકર સૂઈ ગયા સવારે ઠાકરને જગાડી તેમને રસ્તો દેખાડીને શ્રીજી મહારાજ અદ્રશ્ય થઈ ગયા. રૂપરામ ઠાકરે પાછું વાળીને જોયું તો ન મળે સિપાઈ ને ન મળે તેમની ઝુપડી ! આવુ આશ્ચર્ય આવી ભયંકર ઝાડીમાં મારૂ રક્ષણ કરનાર અન્ય કોઈ નહિ પરંતુ શ્રીજી મહારાજ છે. મનમાં ખૂબ પસ્તાવો થયો કે પગ દબાવવાને લીધે મને અપરાધ થયો છે તે ગુનાની માફી માંગવા ગઢડે જાવુ. તેમ વિચારીને ઘેર નહિ જતા પ્રથમ ગઢડે જવા નિકળ્યા ને ગઢપુરમાં શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં હતા ત્યાં જઈને દંડવત કરવા લાગ્યા અને દંડવત બંધ કર્યા જ નહિ ને પ્રેમના આંસુથી શરીર આખું ભીંજાઈ ગયું. શ્રીજી મહારાજ ઉભા થઈને રૂપરામને મળ્યાને તેમને બનેલી બધી વાત કરી. શ્રીજી મહારાજને રૂપરામ ઠાકરે કહ્યું કે, હું તમારા ગુનામાં આવ્યો છું. ઝાડીમાં તમોએ સિપાઈનું રૂપ લઈને મારી રક્ષા કરીને મારા પગ દબાવ્યાં તેથી તમારી પાસે ક્ષમા માંગવા આવ્યો છું. માટે મને ક્ષમા કરો. મહારાજે કહ્યું કે આપણે સ્વામી સેવકનો તથા ગુરુ શિષ્યનો નાતો છે. માટે પરસ્પર સેવા કરવાનો ધર્મ છે. માટે તમો ચિંતા કરશો નહિ ને આનંદમાં રહેજો. એમ કહીને રૂપરામ ઠાકરને જમવા માટે બ્રહ્મચારીને કહ્યું તેથી શ્રીજી મહારાજની સાથે રૂપરામ ઠાકરને પણ જમાડ્યા ને સંતોષ આપીને તેમને ગામ જવા વિદાય આપી. આમ શ્રીજી મહારાજનો પુરો ભરોસો હોય તો મહારાજ ઠેઠ અક્ષરધામમાંથી પોતાના ભક્તોની રક્ષા કરવા અને સુખ આપવા પધારે છે. માટે નિયમ, નિશ્ચય અને પક્ષ ભગવાન અને ભગવાનના ભક્તોનો રાખી મહારાજને રાજી કરી આત્યંતિક કલ્યાણની ભેટ આજ દેહે મેળવી લેવા. ખબરદાર થઈને મંડીશુ તો જરૂર મળશે ને મળશે જ.



સત્સંગ સભા દ્વારા અમૃતનો આસ્વાદ

સંપાદક
ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

જ્યારથી શ્રીહરિના સાતમાં વંશજ ભાવિ નરનારાયણદેવ પીઠાધિપતિ દ્વારા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના થઈ છે. ત્યારથી તેઓશ્રીના અધ્યક્ષસ્થાને બ્રહ્મનિષ્ઠ અને નિષ્ઠાવાન સંત મંડળના સાંનિધ્યમાં અવારનવાર અનેકાનેક દિવ્ય સત્સંગ સભાઓનું આયોજન થયા જ કરે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આ સભાઓમાં સન્માનરૂપી હારતોરા વગેરે ઔપચારિક વિધિને અત્યંત ગૌણ બનાવી માત્ર અને માત્ર સત્સંગને જ પ્રધાનપણું આપવામાં આવે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ અને તેઓશ્રીના તથા સંતમંડળના પરિશ્રમથી સત્સંગમાં દેવ-આચાર્ય પરત્વે દ્રઢ નિષ્ઠાવાળો એક ખૂબજ મોટી સંખ્યામાં સત્સંગીઓનો સમુદાય તૈયાર થયો છે. સ્વામિનારાયણ નામથી ચરી ખાતાં મૂળીયા વિનાના પાખંડીઓની પોલ ને ઉઘાડી પાડવા આ નરનારાયણદેવની યુવા સેના યુવાચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની રાહબરી હેઠળ સક્ષમ છે. આખી જીંદગી સત્સંગ કરી કરીને વૃદ્ધત્વના આરે પહોંચવા આવ્યા હોય છતાં એમ બોલે કે, 'આપણે તો બધું સરખું! અમારે તો ભગવી ચીંથરી બધી સરખી! અમે તો દરેક જગ્યાએ જઈએ! તેવા સજ્જન પરંતુ ગોબરી સમજણ વાળા હરિભક્તોએ આ ચોખ્ખી સભામાં બેસવા નો લ્હાવો લેવા જેવો ખરો! કારણ કે પાછલી ઉંમરે પણ સિદ્ધાંત સમજાય જાય તો આખી જીંદગી કરેલો સત્સંગ સાર્થક નીવડે.

નિષ્ઠાવાન હરિભક્તોએ ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં સ્વયંસેવક તરીકે રંગ રાખ્યો. પૂર્ણાહુતિમાં પ.પૂ. મહારાજશ્રી આવા હરિભક્તોને આશીર્વાદ આપતા આપતા ગળગળા થયાં અને શબ્દો ટૂંકા થયાં ત્યારે આવા સ્વયં સેવકોને શ્રીજીના અપર સ્વરૂપનો અર્થાત બીજી રીતે સ્વયં શ્રીજી મહારાજનો સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત થઈ ચૂક્યો. તેમ છતાં કાયમના સંભારણા સ્વરૂપે પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે લખાયેલ આશીર્વાદ રૂપી શબ્દો, પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દરેક સ્વયં સેવકોને પૂર્ણાહુતિના દિવસે જ એનાયત કરવામાં આવ્યા.

બાકી રહેલા જુદી જુદી સમિતિઓના સ્વયં સેવક સભ્યોને તા.૬-૬-૦૪ના રોજ મહાપ્રતાપી દેવ રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના જેતલપુર ધામમાં બોલાવવામાં આવ્યાં. મહાપ્રતાપી દેવનું દર્શન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને, સંતોના સાંનિધ્યમાં પ્રસાદીના સભામંડપમાં દિવ્ય સભા થઈ. કીર્તન ભક્તિ બાદ નિષ્ઠાવાન હરિભક્તો તેમજ પૂ. મોટા પી.પી. સ્વામી, જેતલપુર મહંત પૂ. શા. આત્મપ્રકાશદાસજી સ્વામી, નારણપુરા મહંત પૂ. શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી, પૂ. આનંદપ્રસાદદાસજી સ્વામી, કાંકરીયા મહંત પૂ. ગુરુપ્રસાદદાસજી સ્વામી, નારણઘાટ મહંત પૂ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી, જેતલપુર સંસ્કૃત પાઠશાળા સંચાલક શ્રીહરિઓમદાસજી સ્વામી વગેરે

વિદ્વાન સંતોના સત્સંગલક્ષી મનનીય પ્રવચનો થયાં.

નિષ્કુળાનંદ કાવ્યના પુરુષોત્તમ-પ્રકાશમાં સ્વયં શ્રીજી મહારાજ નિષ્કુળાનંદ સ્વામીની કલમે કહે છે કે, સર્વે રીતે સંતમાં રહુછું રે,

એમાં રહી ઉપદેશ દઉ છું રે,
સંત બોલે તે ભેળો હું બોલું રે,
સંત ન ભૂલે હું ય ન ભૂલુ રે.

આવા સંતોના મુખેથી જેતલપુર ધામમાં જે દિવ્ય વાણી સાંભળી, તેનો ટૂંક સાર અત્રે રજૂ કરવા પ્રયાસ કરું છું. જેનાથી અંકના માધ્યમથી વાચક વર્ગને ઘેર બેઠા સંત સમાગમ તુલ્ય લાભ પ્રાપ્ત થઈ જાય.

એક સમયે ભગવાને નારદમુનિને પૂછ્યું, ભક્તરાજ ! હમણા ક્યાંથી પધારો છો ? ક્યાં મુકામ છે ? અરે ભગવાન ! આપ જાણતા નથી. હમણાં તો બે-ચાર નગરમાં ખૂબ સત્સંગ કરાવ્યો. બે-ત્રણ લાખ નવા હરિભક્તો બનાવ્યાં ! ભગવાન કહે તો તો બહુ સારું. કેવા ભક્તો બનાવ્યા ? તમારા જેવા પાકા ? નારદ કહે, હા મહારાજ ! નિયમ, નિશ્ચય, પક્ષ, તિલક-ચાંદલો, કંઠી બધું કમ્પલીટ. ભગવાન કહે, તો તો અમારે એ બધાં નવા હરિભક્તોને દર્શન આપવા આવવું પડશે. અમે અમૂક નદીના કિનારે ઝાડ નીચે બેઠા છીએ. તમે સૌ ભક્તને જાણ કરો. નારદમુનિ પધાર્યા. સૌ ભક્તજનોને જાણ કરી કે, આપ સૌને દર્શન આપવા ભગવાન પધાર્યા છે. નગર છોડીને નદીના કિનારે અમૂક ઝાડ નીચે ભગવાન બિરાજમાન થયાં છે. ત્યાં આપ સૌએ જવાનું છે. સૌ નાચવા લાગ્યા, ચાલવા લાગ્યા, અહો ભગવાનનું દર્શન ક્યાંથી ? નારદમુનિ આગળ આવી ભગવાનને કહે, મહારાજ! લાખોની સંખ્યામાં હરિભક્તો આપના દર્શને આવી રહ્યાં છે. ભગવાન કહે, આપણે ભક્તોને પૈસાથી વધાવીએ. એમ કહી ભગવાને રસ્તામાં ધનના ઢગલા મૂકી દીધાં. પોણા ભાગના ભક્તો ધન લઈ લઈને પોતાના ઘર તરફ પાછા વળી ગયા. પ્રથમ ધન લઈ લઈએ. ભગવાનના દર્શન પછી થશે ! ભગવાને ફરી પોતાની માયા વિસ્તારી. રસ્તામાં સોના અને રૂપાના ઢગલા ઉભા કર્યા ! બીજા ભક્તો પણ લોભાયા ! આટલું બધું સોનુ-રૂપું ક્યાંથી ! સોનું ક્યાંક જતું રહે તો ? ભગવાન ક્યાં જતાં રહેવાના છે ? ત્રણ હરિભક્તો આગળ વધ્યા. ભગવાને હજુ પણ આકરી કસોટી કરવા પોતાની આજુબાજુ અગ્નિ જવાળા ઉત્પન્ન કરી. પરંતુ આ ત્રણ હરિભક્તો પાકા નીકળ્યા. તેઓએ ભગવાન સુધી પહોંચવા અગ્નિમાં ઝંપલાવ્યુ. ભગવાને પોતાની માયા પાછી ખેંચી લીધી. અગ્નિથી તેઓને કંઈ ન થયું. ભગવાને આ ત્રણે ભક્તને ભેટીને દર્શન આપીને નારદમુનિને કહ્યું કે ભક્તરાજ ! તમે તો કહેતા હતા ને કે મેં લાખો મનુષ્યોને પાકા હરિભગત બનાવ્યાં. પરંતુ તમે તો ફક્ત ત્રણ મનુષ્યોને પાકા હરિભગત બનાવ્યા છે !

ભગવાન આપણી આવી કસોટી કરતાં નથી. આપણને ભગવાન સહજ પ્રાપ્ત થયા છે માટે ધર્મકુળની આજ્ઞા લોપવી નહીં. ન સમજાય કે ન મનાય તો મોટા સંતોને પૂછવું, પરંતુ મહારાજશ્રી કે લાલજી મહારાજશ્રી સમક્ષ તત્કાળ વાત ઉપર વાત લાવવી નહિ.

ભગવાનની શરણાગતિમાં જ સાચું સુખ રહેલું છે. બહુ ધનમાં પણ સુખ નથી. એક ખેડૂત ભક્તના ઘેર મહારાજ પધાર્યા. ત્યાં ગામમાં એક બાવો આવેલો. લોખંડનું સોનું બનાવવાની વાત કરી લોકોને ભરમાવતો હતો. ખેડૂત ભક્ત મહારાજને કહે, હમણાં આપ સૂઈ જાવ, સત્સંગ સભા પછી કરીશું. મારે ગામમાં બાવો લોખંડનું સોનું બનાવે છે એ જોવા જવું છે ! મહારાજ કહે અમે કોણ છીએ, જાણો છો ? હા મહારાજ, આપ ભગવાન છો. જાણું છું. પરંતુ બાવા પાસે તો જવું પડે ! મહારાજ કહે, અમે લોખંડનું સોનું બનાવી આપીએ તો ? મહારાજ તમને પણ એવું આવડે છે ? મહારાજ કહે, અમને બધું આવડે છે ! લાવો તમારા લોખંડના ઓજારો ! પછી મહારાજે ખેડૂતના લોખંડના કોશ, કોદાળી, પાવડો, ત્રીકમ વગેરે ઓજારો સોનાના બનાવી આપ્યાં ! ખેડૂતનો શ્રમ મટી ગયો અને સોનાની સંભાળની ચિંતા વગેરેમાં ઉજાગરા થવા લાગ્યા. ડાયાબીટીસ, બી.પી. વગેરે તકલીફો શરૂ થઈ. પહેલા મહેનત કરીને બે રોટલા પચાવી જતાં હતાં. હવે જાત જાતની દવાઓ અને ખોરાકમાં પરેજી પાળવાનો વારો આવ્યો. વર્ષ પછી મહારાજ ફરી એ ગામમાં આવ્યા. ત્યારે ખેડૂત ભક્ત મહારાજ આગળ કરગર્યો, મહારાજ ! પહેલા બહુ સુખ હતું. હવે એ સુખ રહ્યું

નથી. મહારાજે ફરી સોનાના ઓજારો ને લોખંડના બનાવી દીધાં અને ખેડૂત ભક્તને તૃષ્ણામાંથી મુક્ત કર્યો.

ઘણા ભક્તજનોને કંઠીમાં સંપૂર્ણ વિશ્વાસ નથી આવતો એટલે રક્ષા પોટલી, ડોડી, કાળાદોરા વગેરે કંઈક કંઈક હાથે અને ગળામાં પહેરે છે. મહારાજને હજુ સર્વોપરિ ઓળખ્યા નથી. હરિભક્તોને હજુ પરસ્પર મહિમાનો અભાવ છે. મહિમા એવો હોવો જોઈએ કે એવો ભાવ થવો જોઈએ કે ભગવાન પ્રત્યક્ષ મારી સાથે વાત કરે એવી પાત્રતા તો મારામાં નથી. પરંતુ ભગવાનના સ્વરૂપમાં સંતો તથા હરિભક્તો મારી સાથે વાત કરે છે એ પણ મારા માટે ઘણું કહેવાય. આ જેતલપુરના ગંગામાનો કેટલો ભાવ હશે કે માથા પર સગડી રાખી શ્રીહરિને પ્રત્યક્ષ ગરમાગરમ રસોઈ જમાડતા અને મૂર્તિ દ્વારા પણ મહારાજ ગંગામાનો ધરાવેલો થાળ, દૂધ વગેરે જમી જતાં. જ્યારે આપણે વર્ષોથી મહારાજને ધરાવીએ છીએ. પરંતુ મૂર્તિરૂપે પ્રત્યક્ષ મહારાજ જમતા નથી.

સંતો કહે છે કે દાદા ખાચર, પર્વતભાઈ, જીણાભાઈ, ગોવર્ધનભાઈ વગેરે પહેલાનાં જેવા આજે ભક્તો રહ્યાં નથી. હરિભક્તો કહે છે કે સંતો આજે પહેલાના જેવા રહ્યાં નથી. આવી સમજણથી સત્સંગમાં સુખ આવતું નથી. સંતો હરિભક્તો ને પહેલા જેવા કલ્પે તેમજ હરિભક્તો સંતોને પહેલાના જેવા જ માની સંત સમાગમ કરે તથા સંતો-હરિભક્તો સર્વે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીને શ્રીજી મહારાજ જેવા જાણે તો સત્સંગમાં દિવ્ય ભાવ રહે છે. અને સુખ મળે છે. શાસ્ત્રોમાં સેવાના મહિમાના જે શબ્દો ગ્રંથસ્થ હતા, તે ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં સ્વયં સેવકોએ ખૂબ ઉમળકાથી સેવા કરીને તાદૃશ્ય કરી બતાવ્યા. ધન્ય છે આવા હરિભક્તોને! ખરેખર, સેવા કરનારને માન નથી હોતું અને માન શોધનાર સેવા કરી શકતો નથી.

આ હરિભક્તો તો સભામાં બધાં એના એ જ દેખાય રહ્યાં છે. એક એક હરિભક્ત બીજા દસ દસને સભામાં લઈ આવો. તમે એક એક હરિભક્ત



બીજા ૫૦૦ ને નવા હરિભક્ત બનાવો એટલી તમારામાં તાકાત છે. આપણી પાસે શું નથી ? દેવ , આચાર્ય, સંતો, શાસ્ત્રો બધું છે. શું નથી ? મુઠ્ઠી ભર હાડકા ધરાવતા, પોતડી પહેરતા ગાંધીજીએ હિન્દુસ્તાનમાં જન્મ લઈ કેટલી મહાન શક્તિશાળી અંગ્રેજ સલ્તનતને તગડી મૂકી! આજ સુધી કેટ કેટલી વિધર્મી પ્રજાએ હિન્દુસ્તાન પર આક્રમણ કર્યું. પરંતુ હિન્દુસ્તાનની આર્ય સંસ્કૃતિ આજ સુધી એવી ને એવી ટકી રહી છે. સિદ્ધાંત અને સત્ય સમાજમાં રજુ કરતા ડરવું એ નરી કાયરતા છે. ફક્ત સંતો અને લાલજી મહારાજશ્રી તથા મહારાજશ્રીની જ એ ફરજ બનતી નથી. સાચો સિદ્ધાંત વાળો સત્સંગ કરાવવો એ હરિભક્તોની પણ ફરજ છે. મહારાજ વખતે ઘણાં મહાન હરિભક્તો પણ લોકોના ઘેર ઘેર ફરી અન્ય ને સત્સંગ કરાવતાં. ષષ્ઠી પૂર્તિ પછી અમે જાણી જોઈને આશીર્વાદ પત્ર આપવામાં વિલંબ કર્યો. વિચાર થયો કે કોઈ બૂમ પાડે છે ? પરંતુ આજ સુધીમાં કોઈ સ્વયં સેવક સભ્યએ આશીર્વાદપત્ર અંગે પૃચ્છા કરી નથી. લાગે છે કે તમે બધાં નિર્માનીપણાના અંગ વાળા થયા છો. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે નિર્માનીપણાનું પણ અંતરમાં માન આવવા દેવું નહિ.

હવે ભગવાનના કુળમાં સાતમાં વંશજ તરીકે પ્રગટ થયેલા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શબ્દોનો ટૂંકસાર માણીએ.

હરદ્વારથી ઋષિકેશ જતાં હતાં. સાથે સંતો હતા. ગંગા કિનારે ગંગા નદીમાં સ્નાન કરવાનું મન થયું. ઘાટ પર બહુ ભીડ હોવાથી આગળ વધી બીજો ઘાટ શોધ્યો. ત્યાં ૫-૭ બાવા સ્નાન કરતાં હતાં. થયું કે બાવા ભેગું વાંધો નહિ ફાવશે. અમે સંતોની સાથે સ્નાન કર્યું. પછી અમે સંતોને કહ્યું. જુઓ, આ બાવાઓ ત્યાગી થયા. ઘર છોડ્યું. શા માટે ? ભગવાન મેળવવા. પરંતુ આ બાવાઓમાંથી કોઈ બાવો અત્યારે બીડી પીતો હતો. કોઈ ચરસનો વ્યસની હતો તો કોઈ ચલમ ફુંકતો હતો. કોઈ પાણીમાં કમર ડૂબે તેમ ઉભા રહી તપ કરતો હતો. પરંતુ કોઈને હજુ સુધી ભગવાન મળ્યા નથી અથવા ભગવાન મેળવવાનો

માળ સુધ્ધા પણ હજુ સુધી પ્રાપ્ત થયો નથી. જ્યારે આપણાં ઉપર ભગવાને કેટલી કરુણા કરી કે સાંજ પડ્યે લાડવા ખાઈને સૂઈ જઈશું છતાં સવારે ઉઠીને નિત્ય ભગવાનનું દર્શન ? નિત્ય ભગવાન સમક્ષ ઉભા રહેવાનું ! પરોક્ષના મંદિરોમાં ઘણીવાર ખૂબ અભ્યાસ કરવા જેવો હોય છે. મુખ્ય દેરામાં જતાં જતાં વચ્ચે કેટલા દેવ દેવીઓના ગોખલા આવે. દરેક જગ્યાએ પૂજારી બેઠો હોય. કહે કે આ દેવ દેવીનો ખૂબ મહિમા છે. અહીં કંઈક મૂકો. બિચારા દર્શનાર્થીઓ પણ મુંઝાઈ જાય કે આમાં ક્યાં દેવ મોટા ? જ્યારે આપણા મંદિરોમાં વચ્ચે કોઈ દેવ દેવી નહિ ! કોઈ ગોખલા નહિ ! સીધાં જ ભગવાન સમક્ષ ઉભા રહો ! વચ્ચે કોઈ વચેટીયા નહિ !

મહારાજશ્રીએ જ્યારે જેતલપુરની પદયાત્રા કરી. ત્યારે અત્રે વાડીમાં એક બહુ સુંદર વાત કરેલી, યાદ આવે છે એટલે ફરી કહું છું. કારણ કે એ સમયે કોઈ સેવામાં રોકાયેલા હોય એટલે કોઈએ સાંભળી હોય, કોઈએ ન સાંભળી હોય. અમરવેલ વડને વીંટળાય, આ વેલને મૂળીયા નથી હોતા, છતાં કાયમ લીલી ને લીલી જ રહે છે. કારણ કે એ વડને વીંટળાયેલી છે. તેમ ઘણાં લોકો સ્વામિનારાયણ નામથી ચરી ખાઈને કાયમ લીલાને લીલા જ દેખાય. એક આવે ને બીજો જાય ! ભગવાન થવું કોને ન ગમે ! દરેક ખોટા નો દશકો વીસકો હોય ! અમરવેલની જેમ આ લોકોને મૂળીયા નથી હોતા, મહારાજે સ્થાપેલા દેવ કે મહારાજે સ્થાપેલા આચાર્ય કે આચાર્ય થકી દીક્ષીત સંતો, આચાર્યશ્રીએ પ્રમાણિત કરેલા શાસ્ત્રો એમાનું કંઈ એમની પાસે છે ? અમરવેલના આધારે હીંચકો બાંધીને કોઈ હીંચકવા જાય તો ગોથાં ખાઈ જાય. ત્યારે વડની ડાળીએ હીંચકો બાંધીને મુક્ત મને હીંચકી શકાય !

નાના હતા ત્યારે ઘણીવાર મહારાજશ્રીને અમે પૂછતાં, તમારે કાળુપુર મંદિરે પહોંચવામાં પોણા આઠમાં પાંચ મિનિટ પણ આધી પાછી ન ચાલે ? શું ફેર પડવાનો છે ? મહારાજશ્રી એ સમયે હસતા, જવાબ ન આપતાં. પછી મનોમંથનના અંતે એ જ દિવસે અમને જવાબ મળતો કે મહારાજશ્રીએ દેવને, સંતોને, હરિભક્તોને પોતાના માન્યા છે. સત્સંગને પોતાનુ કુટુંબ માન્યુ છે. તેથી આજે અહીં તો બીજા દિવસે ક્યાંય એમ સતત દોડી શકે છે. આપ સૌને મહારાજ ખૂબ સુખી કરે એવી પ્રાર્થના કરી વિરમું છું.

પ.પૂ. મહારાજશ્રીએ સ્વયં સેવકોને આશીર્વાદપત્રમાં આશીર્વાદ સાથે શીખ આપેલી છે કે "આપણે સૌ સર્વાવતારી શ્રીહરિનું જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવના આશ્રિત છીએ અને શ્રીજી મહારાજને રાજી કરવાનો સરળ ઉપાય શ્રી નરનારાયણદેવનો દૃઢ આશ્રય છે. આજીવન પર્યંત અને વંશપરંપરા એમના જ થઈને રહેશો એ જ અમારી આપને તથા આપના સમગ્ર પરિવારને અમારી શીખ છે."

કેટલાં અદ્‌ભુત શબ્દો છે ! સ્વયં સેવક સાથે તેના સમગ્ર પરિવારની ચિંતા પ.પૂ. મહારાજશ્રીએ આ આશીર્વાદ પત્રમાં કરેલી જણાય છે. બાપજી ! આપ જે સંકલ્પ કરો તે સિધ્ધ થાય ! કારણ કે આપ નરનારાયણદેવના પીઠસ્થાન પર બિરાજો છો. આપને અને નરનારાયણદેવને સીધો મનમેળાપ છે. અમારા પરિવારમાં વંશપરંપરાગત આપના શબ્દો ઉતરે એવા ફરી આપની પાસે આશીર્વાદ માંગીએ છીએ. કારણ કે અમે જાણીએ છીએ કે નરનારાયણદેવ ભરતખંડના ઉપાસ્ય દેવ છે. સત્‌યુગમાં પ્રજાના સુખ માટે સહસ્ત્રકુંચી રાક્ષસને હણવા આ નરનારાયણદેવ કેટલાં વર્ષો સુધી યુદ્ધ કર્યું. સતયુગથી આજ પર્યંત નરનારાયણદેવ ભરતખંડની ધાર્મિક પ્રજા માટે અવિરત તપ કરી રહ્યાં છે. પછી તેમનો આશરો મૂકી અન્ય દેવનો આશરો કરે તો તેના જેવો કૃતઘ્ની કોણ ? મહાન કૃતઘ્ની લોકો મુક્તાનંદ સ્વામી રચિત શ્રીહરિની આરતીમાં 'નારાયણ નર ભ્રાતા' શબ્દો બોલવામાં લાજી મરતા હોવાથી 'નારાયણ મુનિ ભ્રાતા' નામનો નવો મનઘડત શબ્દ શોધી કાઢ્યો છે. આપ ભગવાનના પુત્ર હોવાથી આપનું હૃદય અતિ વિશાળ દરિયા જેવું છે. પરંતુ અમારા હૃદયનું માપ ટૂકું હોવાથી ક્યારેક ક્યારેક શ્રીજી મહારાજે સ્થાપેલા સિદ્ધાંતોને તોડવાની ચેષ્ટા કરતા તેવા મનુષ્યો પરત્વે બળાપો નીકળી જાય છે. અમને પણ આપના જેવી સહન શક્તિ અને આપના જેવું ધૈર્ય પ્રાપ્ત થાય તેવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી કલમને વિરામ આપું છું.



અડગ નિષ્ઠા

- હરેશ આર. મોદી (હિંમતનગર)

'જય સ્વામિનારાયણ બહેન' કોઈ આગંતુકે ફળીમા પ્રવેશતા કહ્યું.

'જય સ્વામિનારાયણ મા' રાજ, ક્યાં રહેવું ?' ઘરના ઉંબરા પાસે ઉભા ઉભા જ બાઈએ પૂછયું.'

'બહેન રહીએ છીએ તો ઠેઠ વડનગર અને વિસનગર તરફ. પણ દેશાવરમાં ફરતાં ફરતાં આ બાજુ આવ્યા છીયે. અમારે બ્રાહ્મણને તો ભીખ માંગવી અને ભેળું કોઈનું ભલું થાય એમ કરવું. કોઈ માણસને સારી વાત કરી એના દુઃખમાં ભાગ લેવો એ અમારુ બ્રાહ્મણ ભાઈનું કામ છે. મા'રાજે વાત વિસ્તારતા કહ્યું.

"સારું સારું મા' રાજ કાંઇ જોષ બોષ જાણો છો ?"

બાઈએ જિજ્ઞાસાથી પૂછયું.

"હા બહેન હું જયોતિષ ભણ્યો છું. જોષ જોવા એ મારો વિષય છે. હું મારા અનુભવથી કહું છું કે મારો જોયેલ જોષ લગભગ ખોટો પડતો નથી. તમારે કાંઈ જોવરાવવું છે ? જોવરાવવાનું હોય તો બોલો. હું તમને જે કહેશો તે જોઈ આપીશ," ઓસરીની કોર પર આસન જમાવીને વાતની જાળ વિસ્તારવાનો લાગ જોઈ મા'રાજે પોતાની માયા રચવા માંડી.

બાઈ પણ મા'રાજના આ વચનો સાંભળી કાંઈક આશાથી અને કાંઇક શ્રધ્ધાથી વાત કહેવા લાગી. 'મહારાજ, ભગવાનની દયાથી અમારું ઘર ભર્યું ભર્યું છે. દુઝાણું સારુ છે. કોઈ વાતની ખામી નથી. પરંતુ ઘરમાં બાળા સાદની ખોટ છે. મહારાજ ! મારા કરમમાં દીકરો હશે કે કેમ ? એ ખબર પડતી નથી ! ઘણી માનતા માની વળી બાધા પણ ઘણી લીધી. છતાં હજું કંઇ ભગવાનની મહેર થઈ નથી. તો પછી મા'રાજ તમારાં ટિપણામાં મને થોડું જોઈ આપશો કે મારા નસીબમાં દીકરો હશે કે નહીં હોય ? બાઈએ પોતાની વેદના વ્યક્ત કરી.

બાઈના બળબળતા વેદના ભર્યા વચનો સાંભળી બ્રાહ્મણે ખડીયામાંથી ટિપણું કાઢયું અને ઉખેડીને લાંબું કરીને જોવા માંડ્યું. હાથના વેઢે અને આંગળીનાં ટેરવે ગણતરી કરી થોડીવાર હોઠ ફફડાવ્યા અને ત્યાર પછી લમણે હાથ મેલી ઉદાસ બની બાઈ સામું જોઈ ઉપલી લાગણી બતાવી કહેવા લાગ્યો.

'બહેન તમારુ ભાગ્ય મેં ટિપણામાં જોયું. દુઃખ સાથે મારે કહેવું પડે છે કે તમારા કરમમાં દીકરો હોય એમ મારા જોવામાં આવતું નથી. કારણ કે તમારા પર શનિશ્વર ગ્રહની દષ્ટિ વાંકી છે ને વક્ર દ્રષ્ટિ સાથે પનોતી પણ છે.

બાઈના મોઢા પરના બદલાતા જતા ભાવ વાંચી આ ભોગળ ભટ્ટે આબાદ જાળ પાથરવા માંડી ! લૂંટાય એટલું લૂંટી લેવાના દાવ એ ગોઠવવા માંડ્યો.

'મા'રાજ દીકરો થાય એવા કોઈ ઉપાય તમારા ધ્યાનમાં છે ? બાઇએ નિસાસો નાખી દિનભાવે કહી જોયું. ઉમેર્યું કે મારી આશા ફળશે તો હું તમને માગશો એ આપી રાજી કરીશ.

'બહેન તમારા ગ્રહ વાંકા તો છે પણ કોઈ દેવનું પુજન કરો કાંઇક પૂન્યદાન કરો તો કદાચ પ્રભુ શેર માટીની ખોટ પુરી કરે ખરા, અમારે એ તરફ તો બહુચરાજી માતા હાજરા હજુર છે. માતા એ માંદાને સાજા કર્યા છે. ઘણાને ઘેર પારણા બંધાવ્યા છે. દુઃખ નિવાર્યા છે. ટેક રાખનારને માતા અભરે ભરી દિએ છે. તમે પણ માતાની ટેક રાખો ઘોડીયું બંધાવશે. હું તો કોઈની દુઃખની વાત સાંભળી હિતની વાત કરું. ઠીક લ્યો બેન બા, જય શ્રી સ્વામિનારાયણ. આમ કહી આબાદ પાછો નાખી જવાની તૈયારી કરતો હોય એમ પોતાનો ખડીયો અને લાકડી લઈને ઉભો થયો.

'મા' રાજ આમ ઉતાવળ કાં કરો છો ? જરા બેસો તો ખરા. માતાના નિવેદ અને પૂજનનું શું ખર્ચ થાય ?

બીજુ કાંઇ કરવું પડે તો પણ ખુશી થી કહેજો હું તમને માગશો એ આપી દઈશ ?

પોતાનો પાસો સવળો પડ્યો જાણીને મા'રાજે એક પછી એક પાસા નાખતા જણાવ્યું, 'જુઓ બહેન, માતાજીને ચુંદડી ચડાવવા સારું લુગડું જોઈએ, એક નાળીયેર, સવા શેર સાકર, સવા પચીસ રૂપિયા નિવેદના અને બીજા ત્રિસેક રૂપિયાની પૂજાની સામગ્રીનો ખર્ચ થાય. સોનાનું છત્તર ચડાવવું હોય તો એનોય ખર્ચ થાય. પણ એ હમણા નહી દીકરો થયે વાત. જેવું પુણ્ય કરીએ એવું પામીએ !

દીકરાની આશાથી કોડ ભરી બાઇ કહેવા લાગી, 'લ્યો આ સવા પચ્ચીસ રૂપિયા નિવેદના, આ સાવ નવી રેશમી સાડી માતાજીને ચડાવવા ચુંદડી માટે.

'બહેન તમે માતાજીને તો ઘણું આપ્યું પણ મારા જેવા ગરીબ બ્રાહ્મણને કાંઇક શીખ બીખ નહીં આપો ? ટીપણા ઉપરતો કાંઇક મુકશો ને ? લાલચું મા'રાજે પ્રસ્તાવ મુક્યો.

'લ્યો મહારાજ આ અગિયાર રૂપિયા ટીપણા ઉપરને તમને સવા મણ બાજરો ! થાવ રાજી ! બ્રાહ્મણના દીકરા છો ને ? જાવ માતાને જરૂર પ્રાર્થના કરજો કે અમારે ત્યાં દીકરો થાય. ઉદાર બનેલી બાઇએ મોં માગ્યું આપી બ્રાહ્મણને રાજી કરતા જણાવ્યું.

બહેન તમારે એક આકરી ટેક રાખવી પડશે. સંકેલો કરતા બ્રાહ્મણે કહ્યું. શું રાખવું ? બાઇએ આતુરતાથી પૂછયું.

દીકરાનો જન્મ ન થાય ત્યાં સુધી તમારે અડદ ન ખાવા'. આમ કહી તે ચાલતો થયો.

રસ્તે ચાલ્યા જતા બ્રાહ્મણના મનમાં થયું કે આજનો આપણો દિવસ સુધરી ગયો. સ્વામિનારાયણીયા ક્યાંય છેતરાય નહીં. પણ આ બાઇ સાવ ભોળી તો ખરી. આવું રોજ મળી જાય તો આપણા તો ગ્રહ સીધા થઇ જાય.

સૌરાષ્ટ્રની ગહન ગીરીમાંથી ડુંગરાઓના પેટાળ તોડી ઝાડના મૂળીયાને ધોતી ઘુમરીઓ ખાઇ વાંકા ચૂકા વળાંક લઇ ઉગમણી બાજુ આવેલા ગોહીલવાડમાં પ્રવેશતી ઘાતરવાડી નદી આગળ મરડીને જ્યાં વળાંક લીયે છે ત્યાં જ આથમણી બાજુએ દેતક નામે ગોકુળયું ગામ વસ્યું છે. ગામમાં કણબી પટેલની વસ્તી છે. સૌ પ્રગટ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત છે ને વહેવારે સુખીયા છે. હાથણી જેવી ભેંસોના દુઝણા શરીરમાં છાશુંના ઘમકારા ને ઘંટીની ઘરેરાટી સાથે મધુરા સુરથી કીર્તનો બોલાય એથી ગામનું વાતાવરણ ભક્તિભર્યું લાગે.

આ ગામના વેકરીયા ગોપાલ ભાઇ બપોરે જમીને ઘરની ઓસરીમાં વિશ્રાંતિ લેવા સૂતા છે. એવામાં એક બ્રાહ્મણ ઉંચા સ્વરે 'જય માતાજી' કહી ફળીયામાં આવી ઉભો રહ્યો. બ્રાહ્મણને ઓળખી જતા હરખ ઘેલી બાઇ ઘોડીયામાંથી દીકરાને તેડીને ઓસરીમાં આવી ઉભી રહી. પછી તો કહેવું જ શું ! એતો બ્રાહ્મણ સાથે બેસી ગઇ ને બ્રાહ્મણ માતાના પરચા ગાવા માંડે છે. થોડી વાર આ જોઇને યુવાને પૂછયું. મા' રાજ ક્યાંથી આવો છો ?

'લે તમને કંઇ ખબર નથી ? પૂછો મારી બેનને હું મૂળ વડનગર ને વિસનગરનો ! બે વર્ષ પહેલા આ તમારે ઘેર આવી મારી માતાના નિવેદ લઇને માતાજી દીકરો આપશે એમ કહી ગયો હતો. ચુંદડી તો ચડાવી પણ માતાજીનું છત્તર બાકી છે. માતાજીના પ્રતાપે તમારે ત્યાં આ દીકરા નો જન્મ થયો છે ભાઇ,' બ્રાહ્મણે આનંદ નો ઉભરો ઠાલવતા કહેવા માંડ્યું.

પ્રગટ ભગવાનના દ્રઢ નિશ્ચયવાળા ગોપાલભાઇને પોતાના આંગણે આવેલા આ ઠગ ધુતારા બ્રાહ્મણે કરેલું ટિખળ ન ગમ્યુ. ને પોતાની પત્ની ને ધુતી જવા બદલ આ ધન - ધૂતારા ઉપર રીસ ચડી. એને તો એકદમ ઉભા થઇને ખીજમાં કહ્યું, આ છોકરો તારી માતાનો દીધેલો છે એમ ? તારી માતાનો દીધેલો દીકરો મારે ન ખપે. લે આલે, લઇ જા, ઉપાડ, મારે તો મારા સ્વામિનારાયણનો આપેલ ખપે. ઝટ ઉભો થા, નકર આ પરોણો તારા વાંસામાં પડશે ને થઈ જઈશ ભોં ભેગો સમજ્યો ?

આ મરદની લાલ ઘુમ આંખોને મોઢાનો કડપ જોઈ બ્રાહ્મણ તો ડઘાઇ ગયો. પોતાના ખોળામા પડેલા રડતા બાળકની એને ઉપાધિ થઇ પડી. આ ટેટાને ક્યાં લઇ જઉં ? પટેલના ક્રોધને જોઈ પટલાણી પણ ગભરાઈને ધ્રૂજવા લાગી.

આ વખતે અહીં આવતા તો પોતે પુરો ફસાયો હોવાથી એ કાલાવાલા કરી કરગરવા લાગ્યો કે ભલા ભાઇ આ બાળકને પાછો લઇ લો. આમ ન હોય. તમે માતાજીને છત્તર ન ચડાવો તો કાંઇ નહીં, પણ હું આને ક્યાં લઈ જાઉ? ભઈસાબ મારે કાંઇ જોતું નથી.

ચુંદડીયાના આવા શબ્દ સાંભળી

(અનુસંધાન પાના નં. ૨૦ ઉપર)

ચરણસ્પર્શનું વૈજ્ઞાનિક રહસ્ય

– હરિશ ભારતેન્દુ શુકલ
(યોગસાધક)



સંસારનાં સમસ્ત મનુષ્યો સંપ્રદાયો અને રાષ્ટ્રોમાં કેટલીક પરંપરાઓનું સ્થાન વિશેષ મહત્વનું છે, જે સર્વત્ર કોઈને કોઈ રૂપમાં વિધમાન માનવ પ્રકૃતિની મૌલિક પ્રવૃત્તિનો પરિચય કરાવે છે. સંસારમાં સર્વ પ્રથમ સભ્યતાનો પ્રસાર કરવામાં ભારતીય સંસ્કૃતિનું સ્થાન મોખરે છે. માનવીને સદાયે શ્રેષ્ઠતાનાં ઉન્નત શિખર પર લઈ જતી ઋષિમુનિઓ દ્વારા પ્રદત્ત આ પવિત્ર પ્રણાલી પાછળ કંઈ ને કંઈ સાંસ્કૃતિક રહસ્યો સાથે વૈજ્ઞાનિક તથ્યો પણ રહેલા છે. આપણાં સમર્થ સિધ્ધ યોગીઓએ પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ, તથા પોતાની દિવ્ય દ્રષ્ટિ દ્વારા જે કંઈ પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મતમ તત્વો અને અલૌકિક રહસ્યો નિરખ્યા તે સર્વેનું ગ્રંથોમાં આલેખન કર્યું. પાછળથી જે ધર્મનું અંગ અને પરંપરા તો બની ગયાં પરંતુ તેનું વાસ્તવિક રહસ્ય ભાગ્યે જ કોઈ જાણતું હશે ?

આપણી આર્ય સંસ્કૃતિમાં માતા પિતા, આચાર્ય, ગુરૂજી, આદરણીય વ્યક્તિઓ ઉંમરમાં મોટાં સગા સ્નેહીજનો, વિદ્વાનો સન્મુખ ઉપસ્થિત થતી વખતે તેમનાં ચરણસ્પર્શ કરવાની પ્રાચીન પરંપરા આપણી મૂખ્ય આચારસંહિતાનું આવશ્યક અંગ ગણાય છે. પરંતુ આજની પોતાની જાતને આધુનિક પેઢી ગણાવતી યુવાપેઢી ચરણસ્પર્શ કરવાનો તો વિચાર સુધ્ધા નથી કરતી. સામે પરસ્પર મળે ત્યારે નમસ્તે, પ્રણામ, વંદન કરવાનું તો બંધ જ થઈ ગયુ છે. અને હાય - હેલો વિ. નો જેની પાછળ પ્રત્યેક ક્ષેત્રમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ રહેલો છે તેનો ડગલેને પગલે પ્રયોગ થઈ રહ્યો છે જેનો કોઈ અર્થ નથી હોતો કે ન કોઈ લાભ.

હવે મુખ્ય વાત પર આવીએ. હજારો વર્ષોથી આપણી સંસ્કૃતિમાં ચરણ સ્પર્શ કરવાની પરંપરા આજે પણ સંસ્કારી પરિવારોમાં જળવાઈ રહી છે. તેની પાછળનું રહસ્ય સમજવું જરૂરી છે. આપણાં ઋષિમુનિઓએ ચરણસ્પર્શ કરવાથી ચાર પ્રકારે મળતાં લાભો સમજાવ્યાં છે. ચરણસ્પર્શ કરવાથી બળ, બુધ્ધિ, વિદ્યા અને યશ માં વૃધ્ધિ થાય છે. જેની પાછળ પણ સંપૂર્ણ વિજ્ઞાન જ રહેલું છે. વિજ્ઞાન મુજબ પ્રત્યેક માનવ પિંડમાં ડાબા અંગોમાં નેગેટીવ અને જમણાં અંગોમાં પોજીટીવ વિદ્યુતશક્તિનાં પ્રવાહનું પ્રભુત્વ રહેલું છે. ઉદાહરણ તરીકે તમે જોયું હશે કે માનવી જ્યારે અર્ધાંગ લકવાનાં હુમલાનો ભોગ બને છે ત્યારે અર્ધાંગ લકવાની અવસ્થામાં શરીરનો છેક ઉપરથી નીચે સુધી બરાબર અડધો ભાગ અડધું અંગ શિથિલ થઈ જાય છે. (ખોટું પડી જાય છે) જ્યારે અડધા અંગો બરાબર વ્યવસ્થિત કામ કરતાં જણાય છે. અને સંપૂર્ણ ક્રિયાશીલ રહે છે. મતલબ સાફ છે. સમગ્ર શરીરનો અડધો ભાગ જેમકે એક આંખ, એક હાથ, એક પગ (ડાબો કે જમણો) સંપૂર્ણ પણે નકામો બની જાય છે. જે સાબિત કરે છે કે માનવ દેહમાં અડધા અડધા હિસ્સામાં બે જુદી જુદી વિદ્યુત તરંગોની ધારાઓ પ્રવાહિત છે.

જ્યારે આપણે આપણાં સદ્‌ગુરૂ, આચાર્ય, માતા-પિતા, વડીલ બંધુ ભગિની કે વિદ્વાનોને પ્રણામ કરીએ

છીએ ત્યારે સ્વાભાવિક રીતે જ આપણે બિલકુલ તેઓની સામેની સ્થિતિમાં (આમને - સામને) હોઈએ છીએ ત્યારે આપણા જમણા તેમજ ડાબા અંગો તેમનાથી વિપરીત દિશામાં હશે. આ કારણથી જ આપણાં ઋષિઓએ સદ્‌ગુરુ દેવ કે સન્માન્ય વડીલો કે વિદ્વાનોના ચરણસ્પર્શ કરતી વખતે બન્ને હાથને ઉલટાવીને જમણા હાથનાં પંજા વડે જમણા પગને તેમજ ડાબા હાથનાં પંજા અને આંગળીઓ વડે ડાબા પગના ચરણસ્પર્શ કરવાનો ઉલ્લેખ કરેલો છે. જેથી કરીને પ્રણામ (ચરણસ્પર્શ) કરનાર વ્યક્તિ અને પ્રણક્ય) જેમનાં ચરણ સ્પર્શ કરવામાં આવે છે તે વ્યક્તિ) માનવ પિંડોની નેગેટીવ અને પોજીટીવ (ધનાભક - ઋણાભક) બંને પ્રવાહ ધારાઓ સમાન રૂપે સમ્મિલિત થઈ શકે.

પ્રણક્ય વ્યક્તિ એટલે કે સદ્‌ગુરુ, દેવ, વિદ્વાન, માતા-પિતા, વડીલબંધુ - ભગિની અથવા કોઈપણ સદ્‌ગુણ સંપન્ન વ્યક્તિ જેમનાં ચરણ સ્પર્શ કરવામાં આવી રહ્યાં છે તે જ્ઞાન (વિદ્વતા), યશ બળ અને આયુ આ ચારેય ગુણો અથવા તો ચારમાંથી વધારેમાં અધિક ગુણો અથવા ચારમાંથી એક ગુણમાં તો પરિપૂર્ણ હશે જ. ચરણસ્પર્શ કરનાર વ્યક્તિ પણ આ ગુણો પ્રાપ્ત કરવા માંગતો ગુણોથી સંપન્ન પૂર્ણ ઈચ્છુક હોય છે જ. હવે વીજળીનું બટન (સ્વીચ) ઓન કરતાંની સાથે જ વીજળીના વાયરનાં માધ્યમથી વાયરનાં બીજા છેડે લગાવેલ ટ્યુબલાઈટ, બલ્બ કે અન્ય કોઈપણ ઉપકરણ દા.ત. પંખા વિ. ચાલવા લાગે છે. આજ સિધ્ધાંત પ્રમાણે પ્રણક્ય (જેમનાં ચરણસ્પર્શ કરીએ છીએ) સદ્‌ગુરુ દેવ વિ. સન્માન્ય વ્યક્તિમાં ચારેય લાભકારી વસ્તુમાંથી જે પણ અધિક પ્રભાવશાળી વિશિષ્ટ ગુણ હશે તે ચરણ સ્પર્શ થવાથી ચરણસ્પર્શ કરનાર વ્યક્તિમાં સંક્રમર્મ કરવા લાગશે. બીજી તરફ શાસ્ત્રાજ્ઞા અનુસાર જેમના ચરણસ્પર્શ કરવામાં આવી રહ્યાં છે તે સજ્જન ચરણસ્પર્શ કરવા વાળી વ્યક્તિના મસ્તક ઉપર તેમનો જમણો હાથ સુવિચાર યુક્ત શુભેચ્છા સાથે આશીર્વાદ આપવા માટે મૂકે છે. આ પ્રક્રિયામાં ચરણસ્પર્શ જેમનાં થઈ રહ્યાં છે તે તથા ચરણસ્પર્શ કરનાર બંન્નેનાં સદ્‌ગુણોથી પરિપૂર્ણ વિજળી પ્રવાહ ચક્ર સ્વરૂપે (સર્કલ) સંચારિત થવા લાગશે. ફલ સ્વરૂપ સદ્‌ગુણ દેવ, વિદ્વાન કે સન્માન્ય વ્યક્તિનાં સર્વે સદ્‌ગુણો આ સિધ્ધાંત મુજબ ચરણસ્પર્શ કરનાર વ્યક્તિનાં શરીરમાં વિકસવા લાગે છે. જેવી રીતે એક તણખલાથી બીજું તણખલું પ્રગટાવવામાં (સળગાવવામાં) આવે ત્યારે બંન્ને તણખલાં સળગતાં જ હોય છે. તે જ પ્રમાણે ચરણસ્પર્શ જેમનાં થઈ રહ્યાં છે તેમના સદ્‌ગુણો પણ જળવાઈ જ રહે છે.

આ પ્રમાણેની સદ્‌ભાવનાનાં હેતુથી આપણી સંસ્કૃતિમાં સન્માન્ય અને શ્રધ્ધેય વ્યક્તિઓનાં ચરણસ્પર્શ કરવાની ઋષિપરંપરા સદીઓથી ચાલી આવે છે અને આ શુભ ભાવનાઓએ અનેક આક્રમણો, બાધાઓ, વિઘ્નોની વચ્ચે પણ આપણી સંસ્કૃતિને જીવંત રાખી છે. માટે આપણાં વેદશાસ્ત્રો અને સ્મૃતિઓમાં જે પણ ઉલ્લેખ છે તે સનાતન સત્ય છે તેને જાણી અને આચરણમાં મૂકી અપનાવી લેવામાં જ શાણપણ છે.

પરંપરામાં ધરતી માતાની તથા ગોમાતાના ચરણ નીચેની તથા યજ્ઞ ભસ્મ વિ.ની. રજ ને પણ મસ્તિક સ્પર્શ પણ સમાવિષ્ટ થયેલ છે.

અડગ નિષ્ઠા

(પાના નં. ૧૮નું ચાલુ)

ટેકીલા પટેલે કહ્યું કે આ દીકરો તમારા સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે. પણ મારી માતાએ નહીં. એમ તું દશ વાર કહે તો હું એને પાછો લઉ. બ્રાહ્મણે હાથ જોડીને દશ વાર કહ્યું કે આ દીકરો તમારા સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે. મારી માતાએ નહિ. ત્યારે પટેલે પુત્રને પાછો લીધો ને બ્રાહ્મણ છૂટકારાનો દમ ખેંચી ભાગતો થયો. મનમાં એને થયું કે ભાઈ ભોળી છે પણ ભાઈ તો ચુસ્ત સ્વામિનારાયણીયો ને ટેકીલો પણ ખરેખરો !

શ્રીહરિની અડગ શ્રધ્ધાને અડગ નિષ્ઠા ! લુગડાં જાડાં પણ સમજણ કેવી ઝીણી !

આ અડગ ટેકીલા ગોપાલ ભગતના દીકરાનું નામ હતું લક્ષ્મણભાઈ. તેના પુત્ર કુરજીભાઈ પણ સારા ભક્ત હતા. તેના દીકરા ભાદાભાઈને ઘુંસાભાઈ. અત્યારે તેના વંશમાં ઘણો સારો સત્સંગ છે ને દેતડ ગામમાં સ્વામિનારાયણનું સુંદર મંદિર છે. ભાવથી ભગવાનની સેવા પૂજા ને ભજન ભક્તિ કરે છે.

ગુરુજીની અમૃતવાણી

– મહંત સ્વામી ભક્તવત્સલદાસજી (લીંબડી)

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક-૭૪માં સુંદર ઉપદેશ આપ્યો છે. તેમજ શ્રી મદ્‌ભાગવતમાં એમ કહ્યું છે કે મહાન પુરુષોના આચરણ પ્રમાણે આચારણ ન કરવું. એમના ઉપદેશ પ્રમાણે આચરણ કરવું તે જ હિતાવહ છે.

સંત પુરુષોની મોટ્યપ શ્રીજી મહારાજે વચનામૃતના પાને-પાને વર્ણવી છે. પામર જેવા પ્રાણીને ગુરુ વિના કોણ પાર ઉતારી શકે તેમ છે.

સાખી -

જો નાવને નાંઘળ નોય ભાઈ,
તો સિંધુમાં નાવ જશે તણાઈ.
દોરી તૂટે જાય પતંગ જેમ,
ગુરુ વિના જન જાતિ તેમ.

ભવસાગર ઉતરવા માટે ગુરૂજનોની મહત્તા વિષેશ છે. માટે મોટા પુરુષોના વચન-આચરણોમાં ભારોભાર ઉપદેશ સમાયેલા છે. તેમાંથી આપણે સાર કાઢી લેવો. અત્યારે આપણા વર્તમાનકાળના સમાજમાં શિવરાત્રીના દિવસે ઘણાય માણસો શિવમંદિરમાં દર્શને જાય અને ત્યાં તપેલું ભરીને ભાંગ તૈયાર કરી હોય એ પીએ. પછી સાધુ કહેવા માંડે કે ભાઈ ! આપણાથી ન લેવાય. કેમ ન લેવાય ? આજે તો ભગવાન શંકરે પણ પીધી હતી. એટલે તમારે શંકર ભગવાનનો વાદ અને સાધુ પુરુષોનો વાદ લેવો હોય તો બંગલો છોડી દો. સ્મશાનમાં અને મંદિરમાં અખંડ ઉતારો કરો. મહાદેવજી અખંડ સ્મશાનમાં રહે છે. તમારે સંતો અને ભગવાન શંકરનો વાદ લેવો હોય તો કાંડામાંથી ઘડિયાળ અને ડોકમાંથી સોનાના દોરા કાઢી અને ક્યાંકથી સર્પ એકાદ લાવીને પહેરી જોવો. આ સિવાય બીજું બધું ઘણુંય પીધું છે. મોટા પુરુષોનો અને ગુરુજનોનો ક્યારેય વાદ લેવાય નહિ.

જગદ્‌ગુરુ સંત શંકરાચાર્ય પોતાના શિષ્યો સાથે ક્યાંક જતા હતાં. બહું જ થાકીને અતિ શ્રમિત થયેલાં. જતાં-જતાં કોઈ મદિરાની ભઠ્ઠી આવી. મદિરાની ભઠ્ઠી સંચાલન કરનારો માણસ પગમાં પડ્યો. હું તમારૂં શું સ્વાગત કરૂં ? રડવા માંડ્યો. મારી પાસે તો આ ચીજ છે, બીજું કાંઈ નથી. સંત શકરાચાર્યે મદિરામાં આંગળી બોળી મોઢામાં છાંટો નાખ્યો. બસ, હવે રાજીને તું ? તારી ઈચ્છા પૂરી થઈને ? પેલો ખુશ થઈ ગયો, પણ શંકરાચાર્યના બે-ચાર-પાંચ શિષ્યોએ પોતાની થેલીમાંથી પાત્રો કાઢ્યા. કાઢીને માંડ્યા ભરીને પીવા. કેમ ! ગુરુએ પીધુને ! હવે આપણે શું વાંધો છે ? શંકરાચાર્યે જોયું, કે આ બરાબર નહિ. થોડા આગળ ચાલતા ગરમ સીસાની ભઠ્ઠી આવી. સીસું ઉકળતું હતું. ગુરુ શંકરાચાર્યે ઊકળતી સીસાની ભઠ્ઠીમાં હાથ ઘાલ્યો અને ખોબો ભર્યો. ચાલો બધા આમાંથી ખોબો ભરો. હું પીઉં છું તેમ તમે પણ પીઓ. શિષ્યો તો ભઠ્ઠીથી પાંચ ફૂટ દૂર ઉભા હતાં. ભઠ્ઠીની ગરમી સહન થતી નહોતી. ગુરુ કહે છે આવો આવો નજીક આવો. ત્યાં કેમ તૈયાર થઈ ગયા હતા ? અને શિષ્યો પગમાં પડી ગયાં માફ કરો ગુરુદેવ, તો યાદ રાખો કે ગુરુના આચરણ પ્રમાણે આચરણ કરવાનું નથી. ગુરુના ઉપદેશ પ્રમાણે-તેમના વચન પ્રમાણે જીવવાનું છે. તેમની મરજી પ્રમાણે ચાલવાનું છે.

સાધુ સંતો પાસે નિર્માની રહી-આપણી માન મોટ્યપ દૂર મૂકી આપણા આત્માનું શ્રેય કરી લઈએ. વિહારી લાલજી મહારાજે સુંદર વર્ણન કર્યું છે.

જ્યાં ખાસડાં સંત તણાં પડે છે,
ત્યાં બેસવા મારગ જો જડે છે.
માને મહા ભાગ્ય તણો પ્રકાશ,
કલ્યાણની જો ઉર હોય આશ ૨.
જો શૂળીએ સંત કદી સુવારે,
તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે,
લે સંત પાસે મુખ માંહી ઘાસ,
કલ્યાણની જો ઉર હોય આશ.

અનેક સત્‌શાસ્ત્રોમાં વેદો ઉપનિષદોમાં ઠેર-ઠેર ગુરુજનોની મહત્તા દર્શાવી છે. આપણે અખંડ પ્રચલિત શ્લોક બોલીએ છીએ. ગુરુબ્રહ્મા..... એના અનુવાદમાં એવું લખ્યું છે. ગુરુ બ્રહ્મા પણ છે. ગુરુ વિષ્ણુરૂપ છે. ગુરુ સાક્ષાત્ દેવરૂપ મહેશ્વર છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એવા શ્રી ગુરુદેવને હું નમસ્કાર કરું છું.

હવે પછીના શ્લોકમાં ગુરુની અતિ મહતા બતાવી છે. એટલે તો ગુરુપૂર્ણિમાના દિવસે દરેક ધર્મોમાં ગુરુ

(અનુસંધાન પાના નં ૨૩ ઉપર)

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વર્ણવેલા શ્રીહરિના સર્વાવતારીપણાના લક્ષણો

– પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

મુમુક્ષુ ભક્તજનોને આધ્યાત્મિક પ્રશ્નો ઉદ્‌ભવતાજ રહે છે. શ્રી સહજાનંદ સ્વામીને સર્વાવતારી શા માટે કહેવાયા છે ? આ પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ સર્વાવતારીપણાના તેર લક્ષણો દર્શાવીને યથાયોગ્ય કર્યો છે.

એક સમયે શ્રીજીમહારાજ નડિયાદ પધારેલા તેઓના નિવાસ દરમ્યાન ચાર અદ્વૈતી વિદ્વાનો તથા કાશી નિવાસી સંન્યાસીઓ મહારાજ સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યા. તેઓનો સંકલ્પ શ્રીહરિને હરાવવાનો હતો. પરંતુ શ્રીજી મહારાજ ના ઐશ્વર્ય હેઠળ તેઓને આધીન થવું પડ્યું. શ્રીહરિની દૃષ્ટિ પડતાંજ તેમને સૌને સમાધિ થઈ ગઈ. સમાધિમાંથી પરત ફરતાં જ તેઓ શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. અને બોલ્યા કે, "અક્ષરધામમાં અક્ષરમુક્તો જે આપની સ્તુતિ કરે છે તેમાં આપશ્રીને સર્વાવતારી કહ્યા છે તો કૃપા કરીને સર્વ અવતારના અવતારીના લક્ષણો કહો. તે સમયે શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રીહરિની સન્મુખ બિરાજેલા. શ્રીહરિએ અવતારીના લક્ષણો કહેવા સ્વામીને પ્રેરણા કરી.

સ્વામી તો તરત જ વદ્યા, "હે પંડિતો ! આ પૃથ્વીપર પહેલાં જે અવતારો થયા હતા તે સર્વે અવતારોને પોતાના દિવ્યરૂપમાં જે અનેક મનુષ્યોને દર્શાવે છે તે શ્રીહરિના સર્વાવતારી પણાનું પ્રથમ લક્ષણ છે. સૌરાષ્ટ્રના કારિયાણી ગામમાં કાર્તક સુદ-૧૫ના સમૈયામાં શ્રીહરિએ પોતાના સ્વરૂપમાંથી અનંત અવતારો પ્રગટ થતા અને પાછા તેમના સ્વરૂપમાં



લીન થતા દર્શન ભક્તોને કરાવ્યા હતા.

ગોલોક આદિ ધામોમાં રહેલી શ્રીકૃષ્ણાદિક દિવ્યમૂર્તિઓ તો તથા તે ધામના ઐશ્વર્યો જે આ લોકમાં પોતાની મૂર્તિમાં સૌ મનુષ્યોને બતાવે છે તે શ્રીહરિનું બીજું લક્ષણ છે. ઝરણાપરણા ગામનો યુવાન શીતળદાસે શ્રીરામાનંદ સ્વામીના અવતારીપણા વિષે સાંભળી ફણેણી ગામે આવ્યો ત્યારે સ્વામીને ધામમાં ગયે તેર દિવસ વીતી ગયેલા.

શ્રીહરિએ તેમને પોતાનું સામર્થ્ય દર્શાવ્યું. શીતળદાસે રામાનંદ સ્વામીને સમાધિમાં શ્રીહરિનું પૂજન કરતા નિહાળ્યા. તેઓના આનંદની સીમા ન રહી. પોતાને દીક્ષા આપવા વિનવણી કરી, શ્રીહરિએ "વ્યાપકાનંદ" એવું શુભ નામ ધારણ કરાવ્યું.

દૃષ્ટિમાત્રથી સાધારણ મનુષ્યના નાડી પ્રાણ ખેંચીને તેમને સૌને સમાધિ કરાવવી તે સર્વાવતારીનું ત્રીજું લક્ષણ છે. માંગરોળમાં નવાબના કાજીને, ઝીંઝાવદરમાં શ્રીહરિને મળેલ પઠાણને પણ અવતારી પણાની પ્રતીતિ કરાવેલી. આ લોકમાં અવતારોએ મનુષ્યોનો જેવો મોક્ષ કર્યો છે. તથા તેમને જેવી સમાધિ કરાવી છે. તેવું તો આ ઈશ્વર શ્રીહરિ પોતાના ભક્તો દ્વારા કરાવે છે. મુક્તાનંદ સ્વામી જેવા નંદ સંતો દ્વારા પણ સમાધિ થતી. આ સર્વાવતારીનું ચોથું લક્ષણ છે.

તેજોમય અને રમણીય અક્ષરધામમાં પોતાની જે મૂર્તિ છે તેજ મૂર્તિને જે આ લોકમાં સાધારણ મનુષ્યોને કરૂણાપૂર્વક બતાવે છે. તે સર્વાવતારીનું પાંચમું લક્ષણ છે. ગઢડા અંત્યના ૩૧માં વચનામૃતમાં કહે છે, "બ્રહ્મચય તોજોમય ધામમાં જે મૂર્તિ છે એજ મૂર્તિ તમોને નયનગોચર થાય છે. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે. તેમ આ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે." જેઓ પોતાના શાસ્ત્રોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ, વેદાંત, સાંખ્ય આદિકનું સર્વને સમજાય તેવું નિરૂપણ કરે છે. અને

જેમના ગ્રંથો કરતાં પણ કંઈક નવીન ચમત્કૃતિ સર્વને જણાય છે તે છઠ્ઠું લક્ષણ છે. ગઢડા અંત્યના ૩૯માં વચનામૃતમાં શ્રીજીએ કહ્યું કે, "બુદ્ધિની કલ્પના કે સિદ્ધાઈ બતાવવા અમે આ વાત નથી કરતા આ તો અમારી અજમાવેલ વાત છે. અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં સ્વયં સ્પષ્ટ કહે છે, "આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તેજ ભગવાનમાંથી સર્વ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે."

સાતમું લક્ષણ વર્ણવે છે કે, "લોહચૂંબકનો પર્વત જેમ લોખંડને આકર્ષે તેમ અસંખ્ય પ્રાણીઓના મનને જે પોતાના દર્શન માત્રથી આકર્ષે છે. ધાંગધ્રાના રાજકવિ અને તાલુકદાર ગજો ગઢવી, મેમકામાં માત્ર મહારાજની ચાલ નિહાળી તેઓ શ્રીહરિને શરણે આવ્યા. પૂર્ણાનંદ સ્વામી એવું નામ શ્રીજીએ આપ્યું., રાજકવિ લાડુદાનજી શ્રીહરિના દર્શન કરી કૃતાર્થ થયા. બ્રહ્માનંદ સ્વામી એવું નામ શ્રીહરિએ આપ્યું. પોતાના ભક્તોને અંતકાળે દિવ્ય વિમાનમાં પોતાના અક્ષરધામમાં લઈ જવા પધારે છે તે સર્વાવતારી પણાનું આઠમું લક્ષણ છે. જેમના વચનને પ્રતાપે કરીને અગણિત પુરુષો તથા સ્ત્રીઓ પોતપોતાના ધર્મમાં દૃઢતા પ્રાપ્ત કરી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિધ્ધ કરે તે નવમું લક્ષણ. દશમાં લક્ષણવિષે સ્વામીશ્રી કહે છે કે, "કેવળ પોતાના સંબંધને પામેલ પુષ્પ, વસ્તુ, વસ્ત્રના સ્પર્શ માત્રથી જ મનુષ્યને સમાધિ કરાવી ધામને ધામના ઐશ્વર્યો બતાવવા."

દેશાન્તરમાં જઈને પણ શ્રીહરિની લીલા અને સ્વરૂપ સંબંધી વાર્તા જે કોઈ કરે છે તેને સાંભળીને લોકોના સમુદાય દિવ્ય ભાવ અનુભવે છે. આ તેમનું અગિયારમું લક્ષણ છે. રાજસ્થાનમાં ઝમકુબાએ શ્રીજી મહારાજની દિવ્ય વાતો સાંભળેલીને તેઓ સાંખ્યયોગી થયા. માંચા ખાચર પાસેથી એભલબાપુએ શ્રીહરિની વાતો સાંભળી તેઓ તો કૃતાર્થ થઈ ગયા.

બારમાં લક્ષણ માટે સ્વામી વર્ણવે છે કે, "જે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદના જ્ઞાનનું સ્પષ્ટ નિરૂપણ કરે છે અને આ જ્ઞાન પોતાના ભક્તો દ્વારા ઘણા મનુષ્યોમાં પ્રવર્તાવે તે સર્વાવતારી છે. ગઢડા પ્રથમના સાતમા તથા ગઢડા અંત્યના દસમા વચનામૃતમાં આ પાંચેય ભેદની તથા શિક્ષાપત્રી શ્લોક ૧૦૫માં જીવના લક્ષણ વિષે શ્રીહરિએ સ્પષ્ટતા કરી છે.

અંતિમ તેરમાં લક્ષણમાં સ્વામીજી વર્ણવે છે કે, "પૃથ્વી પર પહેલાં થઈ ગયેલા તમામ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરવા છતાં પોતે કોઈ અવતારમાં લીન ન થાય તે સર્વોપરિ શ્રીજી મહારાજનું એક વિલક્ષણ લક્ષણ છે. શ્રીહરિના સર્વોપરિપણાની તથા સર્વાવતારીપણાની સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ અનેક દૃષ્ટાંતો આપીને આપણને દૃઢતા કરાવી. તેઓશ્રીએ તો શ્રીહરિના તેર અસાધારણ લક્ષણો વર્ણવ્યા છે.

સર્વે અવતાર એમાં સમાય, પોતે
કોઈમાં લીન ન થાય,
એવી વાત કરી જેહ વાર, થયા લીન
બધા અવતાર.
(હરિલીલામૃત)

"સ્વામીની વાત"માં ગુણાતીતાનંદ સ્વામી સર્વોપરીતા અને સર્વાવતારી વિષે વાત કરતા ઉપદેશે છે કે, "મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ." શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૯માં વચનામૃતમાં કહ્યું કે, "પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

(પાના નં ૨૧ નું ચાલુ)

પૂજનની વિશેષતા બતાવી છે. અને તે દિવસે નાના મોટા સર્વે ગુરુનું પૂજન કરી ગુરુઋણથી મુક્ત થાય છે. આ શ્લોક અદ્‌ભૂત છે.

न गुरोरधिकंतत्वं न गुरोरधिकंतपः।
न गुरुरोधिकंज्ञानः तस्मै श्री गुरुवे नमः॥

ગુરુથી કોઈ શ્રેષ્ઠ તત્વ નથી. ગુરુથી અધિક તપ નથી, અને ગુરુથી વિશેષ કોઈ જ્ઞાન નથી. એવા શ્રી ગુરુદેવને હું નમસ્કાર કરું છું.

વ્હાલા ભક્તો માટે આવા ગુરુના આચરણ પ્રમાણે આચરણ કરવું નહિ. તેમના કહેલા માર્ગ પર ચાલી તેમની અનુવર્તી પ્રમાણે ચાલવું. આપણને ભગવાન સ્વામિનારાયણે સુંદર દેવ-આચાર્ય-સંત અને શાસ્ત્રો આપ્યા છે. તેમની આજ્ઞા પ્રમાણે ચાલી ગુરુજીનો રાજીપો મેળવીએ એજ અભ્યર્થના.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

જીવ બચાવતાં શીખવું

- શાસ્ત્રી હરે સ્વામી (ગાંધીનગર)

એક મોટું નગર હતું. એ નગરની અંદર લક્ષ્મીચંદ નામે એક મોટા શેઠ રહેતા હતા. શેઠની મોટી મોટી ફેકટરીઓ ચાલે, ધમધોકાર ધંધાઓ ચાલે, મોટી મોટી પેઢીઓ ચાલે. નોકરને ચાકરનો તો પાર જ નહિ. ખૂબ સુખી શેઠ હતા. એ શેઠનો બંગલો જોયો હોય તો ઓહોહો ! મહામસ મોટો. જાતજાતના રૂમ અને અનેક પ્રકારનાં રાચરચીલાં. ઘરમાં પણ નોકર ચાકર બધું કામ કરે. શેઠનો સ્વભાવ પણ સારો હો. જરૂર પડે તો દાન, ધર્મ પણ કરે. ક્યાંક વાપરે પણ ખરા. આજુબાજુ છાપ પણ સારી.

પણ બધાય દહાડા ક્યાં કોઈનાય સરખા જાય છે. "ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે." એમ એક દિવસ અચાનક જ શેઠના ઘરમાં આગ લાગી. દોડાદોડ મચી ગઈ. શેઠ પોતે હાંફળા ફાંફળા ઘરમાંથી બહાર નીકળી ગયા. બીજા કુટુંબીજનો બહાર નીકળ્યા. અને શેઠ એક પછી એક બધી શક્ય હોય તેટલી સામગ્રીઓ, વસ્તુઓ, ખુરશીઓ, કપડાં, તિજોરીઓ, દાગીના, ટીવી., ફ્રીજ વગેરે વગેરે બધું ઘરમાંથી બહાર કાઢવા લાગ્યા. આજુબાજુમાંથી લોકો પણ મદદમાં આવી ગયા. પણ ત્યાં સુધી તો આખું ઘર આગની લપેટમાં લેવાઈ ગયું. શેઠ પોતે પણ બહાર ઉભા આગને નરવસ નેણે નિહાળી રહ્યા. અને જે કાંઈ બહાર કાઢેલી વસ્તુ હતી તે જોવા લાગ્યા. અને વિચારવા લાગ્યા કે હવે કાંઈ ખાસ ઘરમાં રહ્યું નથી. સહુ આડોશી પાડોશીએ પણ શેઠને પૂછયું.



શેઠ હવે કોઈ ખાસ અગત્યનું રહી જતું નથી ને ? શેઠે આજુબાજુ નજર કરીને કહ્યું કે હવે કોઈ ખાસ રહી જતું હોય તેવું લાગતું નથી. એવામાં તો આગે ભયંકર રૂપ લઈ લીધું. ત્યાં અચાનક જ કોઈ કે યાદ કર્યું કે તમારો નાનકડો દીકરો ક્યાં છે ? બધા એક બીજાની સામે જોવા લાગ્યા. ક્યાં છે ? ક્યાં છે ? કોની પાસે છે ? પણ ક્યાંયથી દીકરાની ભાળ મળી નહીં.

છેવટે તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે શેઠનો એકનો એક નાનકડો બાળ જે અંદરના ઓરડામાં સૂવાડ્યો હતો એને બહાર લાવવાનું જ ભૂલી ગયેલા સમય પસાર થઈ ચૂકેલો એ ઓરડો સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયેલો હતો. શેઠ આજુબાજુ નજર કરે છે. અને ઘરમાંથી બહાર કાઢેલી સામગ્રી સામે જોઈ અને આંસુ સારે છે કે મેં અભાગિયાએ આ બધી વસ્તુઓ બચાવવા માટે દોડધામ કરી, મહેનત કરી પણ આ વસ્તુઓના વાપરનારને હું ભૂલી ગયો. એને મેં ન બચાવ્યો. એમ બોલતાંકને શેઠે એક મોટો ડૂસકો ભર્યો. જેના કરુણ અવાજે આજુબાજુ ઉભેલા સૌના હૈયાને હચમચાવી મૂક્યા. પણ હવે તો કેવળ પસ્તાવા સિવાય કંઈજ રહ્યું નથી.

વ્હાલા મિત્રો ! તમને નથી લાગતું આ સંસારમાં આગ લાગેલી છે. અસંતોષની આગ, વિલાસ-વાસનાની આગ, રાગ-દ્વેષની આગ આ બધી આગોમાંથી જગતના જીવો માલ-મિલ્કત બચાવવા પ્રયાસ કરે છે. જાતજાતની અભિલાષાઓ, ઈચ્છાઓ બચાવવા પ્રયાસ કરે છે. સુખ સગવડ, સાનુકુળતા બચાવવા પ્રયાસ કરે છે. પરંતુ જેને બચાવવો જોઈએ એવા પોતાના આત્માને બચાવવાનું ભૂલી જાય છે. માટે સદા સાવધાન રહીને સળગતા આ સંસારમાંથી પોતાના જીવને બચાવી લેવો. સત્સંગ અને ભક્તિ-ઉપાસનાથી જીવ બચી જાય છે. એટલે સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરી લેવી. બીજું જે થવું હોય તે થાય. આપણા સંતો પણ કહી ગયા છે કે કરોડો કામ બગાડીને મોક્ષ સુધારી લેવો.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમા શ્રીનરનારાયણદેવ યુવક મંડળનું મુખ્ય કાર્યાલય

ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા માર્ગદર્શન થી છેલ્લા ઘણા વરસોથી શહેર અને ગામોગામમાં અને વિદેશોમાં પણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખૂબજ સક્રિય અને કાર્યરત છે. આપણા દરેક નાના-મોટા ઉત્સવોમાં મુખ્ય કામની જવાબદારી આપણા યુવક મંડળના શિરે હોય છે. હવે કાર્યાલયનું દરેક કામકાજ અમદાવાદ મંદિરના મુખ્ય કાર્યાલયથી થશે. માટે દરેક યુવક મંડળના સંચાલકો-કાર્યકર્તાઓ અને સભ્યોએ તેની નોંધ લેવી. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

નારાયણઘાટ મંદિરમાં સુવર્ણ સુખશૈયાનું ઉદ્‌ઘાટન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજને પોઢવા માટે સુંદર સુવર્ણથી મઢીને સુખશૈયા તૈયાર કરવામાં આવી. જેનું શુભ ઉદ્‌ઘાટન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે વિધિવત રીતે ધામધુમથી સંપન્ન થયું. આ શુભ પ્રસંગે "પોઢે પ્રભુ સકળ મુનિકે શ્યામ" ના પદ ઉપર સંપ્રદાયના વિદ્વતવર્ય સદ્‌ગુરુ પૂ. શાસ્ત્રી શ્રી હરિકેશવદાસજી સ્વામીએ વિવેચન સહિત સુંદર વ્યકતવ્ય આપ્યું હતું. જે સાંભળી શ્રોતાગણ ખૂબજ ભાવ વિભોર થઈ ગયેલ. સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા શ્રી દિનેશ વધાસીયાએ કીર્તન ઉપાડ્યું "તેરી સાવંરી સુરત છટાદાર" આ ભાવવાહી કીર્તન સાંભળી ધર્મકુળ પ્રેમી સમસ્ત સભા અતિ આનંદમાં ગરકાવ થઈ ગઈ ! અંદાજે દોઢ હજાર ભક્તોએ સભા અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સભા સંચાલન મહંત સ્વામી ઘનશ્યામ સ્વામીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

(પૂર્ણપ્રકાશદાસ - જમીયતપુરા)

પવિત્ર અધિક માસમાં નારાયણઘાટ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન-દિવ્ય કથા શ્રવણ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પ્રાગટ્યથી તીર્થોત્તમ બનેલ સાબરમતીનો કિનારો હોય ! શ્રીહરિ તેમજ નંદસંતોના ચરણ કમળથી પુનઃ પુનઃ પ્રસાદીરૂપ બનેલી નારાયણઘાટ ની ધરા હોય ! પછી એ સામાન્ય તીર્થ નહી. પરંતુ તીર્થરાજ કહેવાય. આ તીર્થરાજ નારાયણઘાટ શહેર વચ્ચે હોવા છતાં શહેરીકરણની દવા સ્પર્શી નથી. સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીએ સત્સંગિ ભૂષણમાં આ તીર્થનો અનોખો મહિમા વર્ણવ્યો છે. અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવા હરિભક્તો તેમજ વડીલ હરિભક્તોના સહયોગથી ભવ્ય હિંડોળા દર્શન તથા ભક્તિશાસ્ત્ર શ્રી સત્સંગિભૂષણ કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેના વક્તા પદે સાધુ પૂર્ણપ્રકાશદાસજી (શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા) કથાનો દિવ્ય લાભ આપશે. સાથે બાર બારણાના હિંડોળાના અનોખા દર્શન તો ખરાજ ! માટે દરેક ભક્તજનોને દર્શનનો અમૂલ્ય લાભ લેવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

(મહંત સ્વા. ઘનશ્યામપ્રકાશદાસ)

કાર્યક્રમ : કથા શ્રવણ તા. ૨૧-૭-૦૪ થી તા. ૩૧-૮-૦૪ સમય : સાંજે ૫-૩૦ થી ૬-૪૫ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે હીરના હિંડોળા તથા હિમાલય દર્શન ખુલ્લા મૂકવામાં આવશે. તેમજ બાર બારણાના હિંડોળા દર્શન તા. ૧૮-૭-૦૪ થી ૩૧-૮-૦૪ પર્યન્ત થશે.

(શ્રી સ્વા. મંદિર નારાયણઘાટ)

હર્ષદ કોલોની બાપુનગર મંદિર (બહેનોનું)

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળા શ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે મંદિરમાં શ્રીહરિની અંતર્ધાન તિથિ જેઠ સુદ-૧૦ના સવારના ૭ થી સાંજના ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અસંખ્ય બહેનોએ લાભ લીધો હતો.

(પ્રતિ. ગોરધનભાઈ સીતાપરા)

ધોળકા દેશમાં થતી સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવના સમાપન બાદ સંકલ્પ અને દ્રઢ નિશ્ચયથી ઉભા થયેલા ધોળકા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના દરેક સભ્યોએ મહંત સ્વામીશ્રી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગ દર્શનથી દર રવિવારે સત્સંગ સભા કરવામાં આવે છે.

જેમાં એપ્રિલ-મે માસમાં ભાયલા મંદિરમાં (૪૦ હરિભક્તો) સિમેજ મંદિરમાં (૫૦ હરિભક્તો) કોચરીયા મંદિરમાં (૭૦ હરિભક્તો) સાંકોદરા મંદિરમાં (૬૦ હરિભક્તો) કોઠ મંદિરમાં (૧૫૦) ચલોડા મંદિરમાં, (૪૦) જવારજ મંદિરમાં (૫૦) હરિભક્તો સાથે સંગીતમય ધૂન-ભજન કીર્તન સાથે કથામૃતનો દિવ્ય લાભ આપેલ. અત્રે દર અગીયારસે સત્સંગ સભામાં ભજન કીર્તન ધૂન અવિરત ચાલે છે. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે અત્રે સત્સંગનો વ્યાપ વધે તે માટે 'યુવા શિબિર' યોજવા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પ્રાર્થના કરી છે. *(રાકેશભાઈ એચ. સોની શ્રીન.ના.દેવ યુવક મંડળ ધોળકા)*

હરિદ્વાર મંદિરમાં ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને સ.ગુ. કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. મુકુન્દભાઈ લાલજીભાઈ સોની (પૂના) પરિવારના યજમાન પદે શ્રીહરિ પ્રસન્નાર્થે પિતૃઋણ અર્થે ભગીરથી ગંગા તટ પર તા. ૨૮-૫-૦૪ થી તા. ૩-૬-૦૪ પર્યન્ત શ્રીમદ્‌ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ અત્રેના મહંત શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી ના વક્તા પદે સુંદર રીતે સંપન્ન થઈ હતી.

સહિતા પાઠના વક્તા સ્વા. વિશ્વવલ્લભદાસજી હતા અને સભા સંચાલન પૂ. શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી એ સુંદર રીતે શોભાવ્યું હતું આજ પવિત્ર સ્થાન પર સન્તકુમારોએ નારદમુનિને અને મૈત્રેય મુનિએ વિદુરજીને શ્રીમદ્‌ ભાગવત કથાનું પાન કરાવ્યું હતું. અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણની પરીક્ષા અંગે

અમદાવાદશ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ ઘણા વરસોથી ધાર્મિક પરીક્ષા દ્વારા સત્સંગની ભાવિ પેઢીને તૈયાર કરે છે. જે પરીક્ષા દર વર્ષે યોજાય છે. આ વરસે **તા. ૧૯-૧૨-૨૦૦૪ રવિવારના** જે તે કેન્દ્રો પર પરીક્ષા નિયત સમય મુજબ લેવામાં આવશે. તો દરેક કેન્દ્ર સંચાલકોએ તેમના વિસ્તાર (ગામ, શહેર, પરા વિસ્તાર વગેરે)ના બાળકો યુવાન ભાઈ બહેનોના નામનું લીસ્ટ કરી અત્રેથી ફોર્મ લઈ જઈને વહેલી તકે ભરીને મોકલી આપવું. દરેક વિભાગની પરીક્ષાનું સાહિત્ય આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે. બાળ સત્સંગ, કિશોર સત્સંગ, સત્સંગ પરિચય, વચનામૃત સૂત્રો, ઘનશ્યામ બાલ ચરિત્ર, સચિત્ર બાલ ચરિત્ર, જ્ઞાન માળા, મોક્ષ માળા અને વન વિચરણ આદિ મળશે. માટે દરેક કેન્દ્ર સંચાલકોએ ઉપરોક્ત પરીક્ષા અંગે વિશેષ માહિતી અને ફોર્મ મેળવવા માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

શ્રી નરનારાયણદેવ, ધાર્મિક શિક્ષણ વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ (સભા મંડપ)
સમય : સવારે ૮ થી ૧૦-૩૦

આશીર્વાદથી મહંત સ્વામી તથા પાર્ષદ ઘનશ્યામ ભગતની આગવી સૂઝબૂઝથી મંદિરનું ભવ્ય નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. ટુંક સમયમાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ધર્મવંશી પરિવાર તથા સંતો હરિભક્તોની ઉપસ્થિતિમાં સંપન્ન થશે. પારાયણના યજમાન પરિવાર પૈકી સુપુત્રો વિજયભાઈ, પરેશભાઈ, મનીષભાઈ તથા વસંતભાઈ (અમદાવાદ) વગેરેએ અત્રે સંત મંડળ સાથે સ્થાનિક મહામંડળેશ્વર વિદ્વત ગણને આમંત્રીત કરેલા. યજમાન પરિવારના આમંત્રણને માન આપી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી અત્રે ખાસ પધારીને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા. સાથે કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી, સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, વિષ્ણુ સ્વામી, નાના પી.પી. સ્વામી, કોઠારી સ્વા. કૃષ્ણવલ્લભદાસજી (સુ.નગર), શ્રીજીસ્વરૂપ સ્વામી, પ્રભુ સ્વામી (જૂના.), મહંત શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી (બદ્રિનારાયણ) આદિ સંત મંડળે પધારીને સુંદર લાભ આપેલ.

(દાસ સ્વામી તથા વલ્લભ ભગત)

ઈડર મંદિરનો ૧૫૮ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી ઈડર મંદિરનો ૧૫૮મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. પવિત્ર બ્રાહ્મમૂહુર્તમાં શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક સંતો દ્વારા થયો હતો. પાટોત્સવના યજમાનશ્રી ડાહ્યાભાઈ પટેલે (નેત્રામલી) મહાપૂજામાં બેસવાનો લાભ લીધો હતો.

પરમ પૂજ્ય ભાવિ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છપૈયા, લખનૌ ત્યાંથી દિલ્હી અને ત્યાંથી મુંબઈ થઈ અમદાવાદ પધારીને સ્નાન પૂજા કરી ને ત્વરીત ઈડર પધાર્યા હતા અને ત્યાં મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારી હતી. પ.ભ. ડાહ્યાભાઈ યજમાન પરિવારે પૂ. લાલજી મહારાજશ્રીની આરતી-પૂજા કરીને આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. લાલોડા, ધોળકા, ટોરડા, નારાયણઘાટ, સોકલી ગુરુકુળ રઘુવીરસ્વામી અમદાવાદ, ગાંધીનગર, હાથીજણ વગેરે ધામોથી સંતો પધાર્યા હતા. પૂ. લાલજી મહારાજશ્રી મહંતશ્રી જગદીશપ્રસાદદાસજી સ્વામીની સેવાથી ખૂબ રાજી થયેલા.

પૂ. લાલજી મહારાજે ઉપસ્થિત સાબરકાંઠાના હજારો હરિભક્તોને ખાસ આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી હરિજીવનદાસજીએ શોભાવ્યું હતું.

(સાધુ સત્યસંકલ્પદાસજી, ઈડર)

વડનગર મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો ૪૩મો પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિની કૃપાથી અત્રે વડનગરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો ૪૩મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી પ.ભ. ડાહ્યાલાલ મફતલાલ મોદી પરિવાર (વડનગર)ના યજમાન પદે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો.

જેઠવદ-૧૨ તા. ૧૪-૬-૦૪ના રોજ સવારે ૭-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો મહાભિષેક વેદ વિધિસર રીતે સંપન્ન થયો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શણગાર આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં શા. સ્વામી નારાયણવલ્લભદાસજીએ મંદિરનો ઈતિહાસ સવિસ્તાર કહ્યો. કોઠારી શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ શ્રીહરિ ચરિત્ર અને મંદિર અને ગુરુકુલના ટ્રસ્ટી પ.ભ. નવિનભાઈ મણીલાલ મોદીએ ધર્મકુળ મહિમા સાથે શુદ્ધ ઉપાસના પર સરસ વાત કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં દ્રઢ આશરો રાખવા પર અદ્‌ભૂત વાત કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી વડનગર શ્રી સહજાનંદ ગુરુકુલમાં પ્રાર્થના હોલમાં શ્રીહરિની ચિત્ર પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

(શા. વિશ્વપ્રકાશદાસ)

અરોડા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ને ઈડર મહંત સ્વામીશ્રી જગદીશપ્રસાદદાસ સ્વામીની પ્રેરણાથી નવા અરોડામાં જેઠ સુ-પના યજમાનશ્રી ડાહ્યાભાઈ નાથજીભાઈ પટેલે પાટોત્સવ તથા મહાપૂજાનો લાભ લીધો હતો. ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટ ઉત્સવ ધામધુમથી સંપન્ન થયા હતા. ગામના સર્વે હરિભક્તોએ દર્શન તથા સત્સંગનો લ્હાવો

લીધો હતો.

આજ પ્રમાણે જૂના અરોડાના આપણા મંદિરમાં પટેલ મુકેશભાઈ કોદરભાઈના યજમાનપદે મહાપૂજા, અભિષેક વગેરે સુંદર રીતે સંપન્ન થયેલ. શાસ્ત્રી સ્વામી હરિજીવનદાજીએ મહાપૂજા વિધિ કરાવી હતી. સર્વે હરિભક્તએ દર્શન, સત્સંગ અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

(સાધુ સત્યસંકલ્પદાસજી)

કાલીયાણા (તા. વિરમગામ) મંદિર

અત્રે કાલીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જેઠ સુદ-૧૦ ના શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે સત્સંગ સભા, ભંજન, કીર્તન અને ત્રણ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કર્યું હતું. જેમાં પ.ભ. ભીખુભાઈ જેઠુભાઈ મોરી, પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા, કોઠારીશ્રી અને અગ્રગણ્ય હરિભક્તો અને ગામના સેંકડો બાઈ-ભાઈ હરિભક્તોએ ધૂનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

(હીરાભાઈ ભગવાનભાઈ મોરી)

વહેલાલ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રેના ચૈતન્ય મુનિ સ્વામીની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ ના શ્રીજીમહારાજના સ્વધામ ગમન તિથિ નિમિત્તે રાત્રે ૮ થી ૧૨ કીર્તન ભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાયડ ગામના હરિભક્તોએ સ્થાનિક હરિભક્તો સાથે લાભ લીધો હતો.

(પ્રતિ. ગોરધનભાઈ સીતાપરા)

હર્ષદ કોલોની (બાપૂનગર) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી હર્ષદ કોલોની (બાપુનગર) મંદિરનો ૨૦મો વાર્ષિક પાટોત્સવ અષાઢ સુદ-૨ રથયાત્રાના પવિત્ર દિવસે ઉજવાયો. આ પ્રસંગે સવારના ૬ થી ૧૦ સુધી ૪ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. જેની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સંત-મંડળ સાથે પધારી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં નાના પી.પી. સ્વામી, છપૈયાપ્રસાદ સ્વામી આદિ સંતોએ પ્રેરણાત્મક પ્રવચન કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

રિદ્રોલ (તા. માણસા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત રિદ્રોલ ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગામના પ.ભ. વિઠ્ઠલભાઈ, શ્રી કેશવલાલ, શ્રી કનુભાઈ, શ્રી વિષ્ણુભાઈ વગેરે નાના મોટા હરિભક્તોના સહકારથી હરિ મંદિરનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું. આ ગામમાં શ્રીહરિ મૂળજી બ્રહ્મચારી સાથે બાટી પકાવીને જમેલા છે. આવી અલૌકિક લીલા આ ગામમાં થઈ છે. મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રી સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, મહાવિષ્ણુયાગ અને મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા મહંતશ્રી) રહ્યા હતા. સ્વા. ઘનશ્યામસ્વરૂપદાસજી સંહિતા પાઠના વક્તા હતા.

તા. ૨-૫-૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે ખૂબજ ભવ્ય દેદિપ્યમાન શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત-હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ખૂબજ ભાવ-પ્રેમથી સ્વાગત સામૈયુ કર્યું હતું. શોભાયાત્રા મંદિર આવી ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં શા. સ્વા. હરિકૃષ્ણદાસજીએ સુંદર વાણીથી હરિભક્તોને રાજી કર્યા હતા. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્ય) રસોડાની સેવા તથા અન્નકૂટની સેવા સંભાળી હતી. સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ સુંદર રીતે સંભાળ્યું હતું. અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આ પવિત્ર ભૂમિમાં મંદિર બનાવવાનો સંકલ્પ પરિપૂર્ણ થયો છે. ગામનો સત્સંગ દિન પ્રતિદિન વધતો રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

(શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

નસીતપર

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના માળીયા તાલુકાના નસીતપર ગામે ભૂકંપમાં મંદિર નષ્ટ થયેલું. જેનું પુનઃનિર્માણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સ.ગુ. કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી પુનઃ મંદિર નિર્માણ સાકાર થયું. આ મંદિરના માર્ગદર્શક તરીકે મહંત શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી રહ્યા હતા.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૮-૫-૦૪થી ૨૦-૫-૦૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. તા. ૨૧-૫-૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ઉમળકાથી સ્વાગત સામૈયુ કર્યું હતું. ચાર કિ.મી.ની લાંબી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે શોભાયાત્રા ખરેખર અવર્ણનીય અને અતિ દિવ્ય હતી. ૧૪૦ જેટલી ગાયો પ.પૂ. મહારાજશ્રીની ગાડી આગળ શિસ્તબધ્ધ દોડતી હતી, શ્રીહરિના અપર સ્વરૂપને ગાયો પોતાના ગોપાલક સ્વામી (ઈષ્ટદેવ) માનતી હોય તેમ ભાગવતની કથા મુજબ પૂ. મહારાજશ્રીની ગાડી આગળ દોડતી હતી. ગાયોના રખેવાળે હટાવવા ના અનેક પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા હતા ! ખરેખર મુંગા પશુને પણ સમજાય છે કે આ જ અમારા પરમાત્મા પ્રભુ છે ! માણસ જેવો માણસ હજુ ગોથા ખાઈ જાય છે ? શોભાયાત્રા મંદિરે આવી ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પોતાના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ શ્રીફળહોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરીને

સભામાં પધાર્યા હતા. સભામાં શિક્ષણ તથા સંસ્કાર વિશે બે મંદિરોની રજુઆત કરી હતી. સંસ્કારનું કેન્દ્ર સ્વામિનારાયણ મંદિર છે. શિક્ષણનું કેન્દ્ર માતા શારદાદેવીનું મંદિર છે. કહેતા શાળા-હાઈસ્કુલ છે. આ બન્ને પ્રસંગો એ વિશિષ્ટ ઉત્સવ છે. જેમાં અમારો ખૂબજ રાજીપો છે. મૂળી મહંત શા. મુકુન્દપ્રસાદદાસજીએ મંદિર નિર્માણમાં પ્રેરણાત્મક સેવા કરી હતી. કોઠારી ઘનશ્યામભગતનું પણ સુંદર યોગદાન મળ્યુ હતું. આ પ્રસંગમાં શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી, વિષ્ણુ સ્વામી, નાના પી.પી. સ્વામી, કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી આદિ સંત-મંડળ પધાર્યા હતા.

અમદાવાદથી પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા ખાસ પધાર્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ કરીને અત્રે ગામમાં હાઈસ્કુલનું ભૂમિ પૂજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા જણાવ્યું કે આ સ્કુલ શ્રી નરનારાયણદેવ ની ઈચ્છાથી ખૂબજ ટૂંકા સમયમાં પૂર્ણ થશે. અને સભામાંજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી રૂા. ૨૮,૭૧૦૦૦ જેટલી માતબર રકમ શિક્ષણ પ્રેમીઓ તરફથી જાહેર થઈ હતી. આ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની કૃપાનું ફળ છે. આ પ્રસંગને માણવા માજી મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ અન્ય સાંસદો સાથે પધાર્યા હતાં. ગામના પ્રતિનિધિ તરીકે રમેશભાઈ મગનભાઈ (સોના સિરામીક વાળા) ભુરાભાઈ જેરામભાઈ કણસાગરા અને હિરાલાલ ભગવાનજીભાઈ, જેરામભાઈ પરિવાર વગેરે ભક્તજનોએ પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

(અચલપ્રકાશ તથા સમીર ભગત)

લીંબડી (બહેનોનું) મંદિર

અત્રે બાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અ.સૌ.પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રીજી મહિલા મંડળ દર એકાદશી અને પૂનમના દિવસે સત્સંગ સભા-ધૂન-કીર્તનનું આયોજન કરેછે. ૧૫૦ જેટલા બહેનો દરેક સભામાં લાભ લેવા આવે છે. *(રમાબેન, કમળાબેન સોની)*

ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે જેઠસુદ-૧૫ના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી જિષ્ણુચરણદાસજીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. જેમાં ગામના અને બહારગામના ઘણા હરિભક્તો જોડાયા હતા. તેમજ ઠાકોરજીને નિત્યે ચંદનના સુંદર વાઘા ધરાવવામાં આવતા હતા. પૂનમના દિવસે અભિષેક કરવામાં આવેલ. રોજે બાળસભા અને યુવા સભા કરવામાં આવે છે. દરેકને સત્સંગનો સુંદર લાભ મળે છે.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ચરાડવા)

વિદેશ સત્સંગ સમાચાર

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન I.S.S.O., U.S.A. ચેપ્ટર)

અત્રે ૮મી મેના શનિવારે સાંજના ત્રણ કલાક ભજન-કીર્તન અને વચનામૃત વાચન આદિ સમૂહમાં કરવામાં આવ્યા હતા. ઘણાંજ હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સરસ ચાલી રહ્યો છે.

(કનુભાઈ પટેલ)

આપણી શૈક્ષણિક સંસ્થાઓના સમાચાર

ઘ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત

શ્રી સહજાનંદ સેકેન્ડરી અને હાયર સેકેન્ડરી સ્કુલનું માર્ચ ૨૦૦૪નું એસ.એસ.સી./એચ.એસ.સી. બોર્ડનું પરિણામ નીચે મુજબ છે.

એસ.એસ.સી. પરિણામ	એચ.એસ.સી. પરિણામ
પરિણામ : ૯૯.૨૧%	પરિણામ : ૯૮-૮૯%
ડીસ્ટ્રીકશન - ૭૭	ડીસ્ટ્રીકશન - ૩૨
પ્રથમ વર્ગ - ૪૧	પ્રથમ વર્ગ - ૨૮
દ્વિતીય વર્ગ - ૦૮	દ્વિતીય વર્ગ - ૨૬
તૃતીય વર્ગ - ૦૧	તૃતીય વર્ગ - ૦૧
પ્રથમ : રૂપારેલ નકુલ જી. - ૯૧.૧૪%	પ્રથમ : જયસ્વાલ કૃપેશ - ૮૨-૬૭%

(પ્રિન્સીપાલ ગઢવી સાહેબ)

શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાન સંચાલિત સ્કુલ અને ગુરુકુળોનું ધો-૧૦નું પરિણામ

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા આ વર્ષે લેવામાં આવેલ ધો.-૧૦ની પરીક્ષાનું પરિણામ નીચે મુજબ આવેલ છે.

શ્રી સહજાનંદ ગુરુકુળ માઉન્ટ આબુ (રાજ.) ધો-૧૦ અંગ્રેજી મીડીયમ ૧૦૦ ટકા, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જેતલપુર ધો-૧૦ ૧૦૦ ટકા (ગુજરાતી મીડીયમ). શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા ધો-૧૦ ૮૭ ટકા, શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ૯૮ ટકા પરિણામ આવેલ છે. (આપણા અન્ય સ્કુલ ગુરુકુળના પરિણામ મળી શક્યા ન હોવાથી પ્રસિદ્ધ થયા નથી.)

રાજસ્થાન માધ્યમિક શિક્ષણ બોર્ડ માઉન્ટ આબુ દ્વારા લેવાયેલ (અંગ્રેજી મીડીયમના સી.બી. એસ.સી.કોડ) શ્રી સહજાનંદ ગુરુકુળમાં અભ્યાસ કરતા સ્વામી હરિવલ્લભદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર) ધો.-૧૦માં અંગ્રેજી મીડીયમમાં ખૂબજ સારો અભ્યાસ કરી પુરુષાર્થ કરીને ૭૧ ટકા મેળવીને સુંદર ઉદાહરણ પુરુ પાડ્યું છે. આવા અભ્યાસ કરતા નાના સંતો સંપ્રદાયનું ગૌરવ ગરિમા છે.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી સેવાભાઈ ગલબાભાઈના સ્મરણાર્થે	બદપુરા
૨૦૨-૦૦	પ.ભ. મકવાણા પુષ્પાબેન અમૃતલાલ શ્રીજી પ્રસન્નાર્થે	પૂના-સાંગલી
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા જયેન્દ્રભાઈ છગનભાઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા નિલકંઠ છગનભાઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. ભટ્ટ દામીનીબેન અશોકભાઈ શિતલબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	પ.ભ. શામજીભાઈ હિરજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બારડોલી
૫૦૧-૦૦	પ.ભ. પટેલ જયંતીભાઈ રામભાઈ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે	નારોલ
૨૨૧-૦૦	પ.ભ. અમીન રમણલાલ ભલાભાઈ (વહેલાલવાળા) શ્રીજી મહારાજના બસો ચોવીસમાં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	પ.ભ. ધર્મેશકુમાર ઘનશ્યામભાઈ પટેલ, ચિ. મનનના જન્મદિન નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. ભરતભાઈ સારાભાઈ પટેલ ચિ. ધ્રુવના તા. ૨૮-૨-૦૪ જન્મદિન નિમિત્તે	ઓઢવ
૧૦૧-૦૦	પ.ભ. ડૉ. અરૂણભાઈ ડી. પંચાલ ચિ. રાજેશ માટે નવુ કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	પ.ભ. ડી. એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કડી
૧૦૧-૦૦	પ.ભ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલની પુણ્ય તિથિ નિમિત્તે	હાંસોલ
૨૦૧-૦૦	પ.ભ. વાઘેલા આનંદીબેન ઘનશ્યામસિંહ જેતલપુરની પદયાત્રા કરી તે નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	પ.ભ. બાબુભાઈ જીણાભાઈ ટાંક નવી ગાડી લીધી તે નિમિત્તે	મીરારોડ
૧૦૧-૦૦	પ.ભ. ડાહ્યાભાઈ રણછોડભાઈ જેસીંગભાઈ પટેલ મારૂતી કાર લીધી તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦	પાર્થ દામજીભાઈ મનાણી (જીરાગઢવાળા)ના જન્મદિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. હેમંતભાઈ પરસોત્તમભાઈ પોરીયા નવું હીરો હોન્ડા બાઈક લીધું તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	પાર્થકુમાર ચિમનલાલ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	ડેડીયાસણ
૧૦૧-૦૦	પ.ભ. ચાવડા રમેશભાઈ દામજીભાઈ બાબાના જન્મ નિમિત્તે	ઘુડકોટ
૧૦૦-૦૦	પ.ભ. રમેશભાઈ જુવાનસીંગ વાઘેલા તેમના પિતાશ્રીના સ્મરણાર્થે	ખોડા
૧૦૧-૦૦	પ.ભ. નરેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ પટેલ બાબાના જન્મદિન નિમિત્તે	આનંદપુરા
૧૫૧-૦૦	પ.ભ. જાગાણી મુકેશ ઠાકરસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ઈલેશભાઈ બી. જોષીને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	જેતલપુર
૫૦૧-૦૦	પ.ભ. નર્મદાબેન ડાહ્યાભાઈ વરૂ (જીરાગઢવાળા) શ્રીજી પ્રસાન્નાર્થે	લંડન (ઈલફડ)
૧૦૧-૦૦	પ.ભ. વિપુલ વાસુદેવભાઈ પટેલ (દેવપુરાવાળા) પુત્ર જન્મ પ્રસંગે	અમેરીકા
૧૦૧-૦૦	પ.ભ. ચિમનલાલ મણીલાલ કાછીયા ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. હર્ષદભાઈ શાંતિલાલ કાછીયા ચિ. હેમાંગના ઘેર પુત્ર જન્મ પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા પટેલ મહેશભાઈ ચંદુલાલ નિલેશના બાબાની ચૌલ ક્રિયા કરાવી તે નિમિત્તે	કઠલાલ
૧૦૧-૦૦	અ.નિ. પ.ભ. શાંતુબેન કાળુભાઈના મોક્ષાર્થે	
૧૦૧-૦૦	વેદાંત પ્રવિણકુમાર ભીમજીભાઈ કારા તા.૧૨-૨-૦૩ પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે	દહીંસરા
૧૦૧-૦૦	પ.ભ. દિપકકુમારના (રમણલાલના પૌત્ર) સુપુત્ર વ્રજના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	પ.ભ. શારદાબેન ભીમજીભાઈના પુત્ર વિરલના પગાર નિમિત્તે	
૧૦૧-૦૦	કાછીયા કિરણકુમાર જયંતીલાલ, નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે	
૧૦૧-૦૦	પ.ભ. દેવિકા વસંતકુમાર ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૧૦૧-૦૦	પ.ભ. અમિત રાજન વસંત ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૧૦૧-૦૦	પ.ભ. રાહુલ-રાજા નવું મકાન લીધુ તે નિમિત્તે	કાંદીવલી-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. ચિ. કિશાલ સુરેશભાઈ ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે	બારેજા
૫૦૧-૦૦	પ.ભ. જયંતીભાઈ બી. પટેલ, નવુ મકાન લીધું તે નિમિત્તે	સાબરમતી-અમદાવાદ

૧૦૧-૦૦	પ.ભ. પટેલ નરેન્દ્રકુમાર શાંતિલાલ નવુ મકાન બનાવ્યુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ઈન્દ્રવદન ભીખાભાઈ રાજપરા અમીતાને અમેરીકાનું સીટીઝનશીપ મળ્યું તે નિમિત્તે,	ઈટાદરા
૨૫૦-૦૦	અ.નિ. પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે (હસ્તે હરિકૃષ્ણભાઈ)	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ સતીષકુમાર રામાભાઈની કું. દુકાનના ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે	વીસનગર
૧૦૧-૦૦	પ.ભ. સાક્ષી ધર્મેન્દ્ર પટેલ જન્મદિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	ચિ. પ્રણવ રમણલાલ પટેલ અને ચિ. જિનલ (નિકોડ)રમેશભાઈ પટેલ સાથેની સગાઈ નિમિત્તે	વીરાવાડા
૧૦૧-૦૦	અ.નિ. પ.ભ. દિનેશભાઈ ભૂલાભાઈ પટેલ ચિ. પ્રિયકાની સગાઈ નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	અ.નિ. પ.ભ. દિનેશભાઈ ભૂલાભાઈ પટેલની પૂણ્ય તિથિ નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦	પ.ભ. રોહિતકુમાર પોપટલાલ ભાવસાર નવી ફન્ટી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	ધર્મેન્દ્રસિંહ બી. રાજપુત (બળોલવાળા) દુકાન લીધી તે નિમિત્તે	નરોડા-અમદાવાદ
૧૦૧-૦૦	મિત્રરાજસિંહ હિંમતસિંહ ચાવડા (બળોલવાળા) જન્મદિન નિમિત્તે	નરોડા-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મોરી ભીખુભાઈ જેઠુભાઈ સાક્ષીના જન્મદિન નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર નરેશકુમાર ડાહ્યાલાલ ચિ. પિયુષ માટે નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	નવા વાડજ
૧૦૧-૦૦	પ.ભ. સાવિત્રીબેન મનુભાઈ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	નવા વાડજ
૧૦૧-૦૦	પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. સી. કે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નારણભાઈ શીવાભાઈ ચિ. પારૂલ અને ચિ. જિજ્ઞેશના લગ્ન નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ચંદ્રકાંત કેશવલાલ ચિ. હર્ષદના લગ્ન નિમિત્તે	અસલાલી
૧૦૧-૦૦	પ.ભ. ડી. કે. પટેલ ચિ. રોનકના લગ્ન નિમિત્તે	મણીયોર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મહેશભાઈ એમ. ચિ. સિધ્ધિના જન્મ નિમિત્તે	મણીયોર
૧૦૧-૦૦	પ.ભ. મધુબેન ગોવિંદભાઈ પટેલ નવુ ફ્રીઝ ખરીદ્યું તે નિમિત્તે	માણેકપુર
૫૦૧-૦૦	પટેલ કુનલ રમણભાઈ સોમાભાઈ બેંકર લંડનમાં જોબ મળી તે નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦	પ.ભ. સુતરીયા ગુલાબભાઈ રાઘવભાઈ નવું બાઈક ખરીદ્યું તથા કિરણના જન્મ દિવસ નિમિત્તે	મેઘાણીનગર
૧૧૦-૦૦	પ.ભ. તલસાણીયા ભૂધરભાઈ વાલજીભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ પરેશભાઈ જે. શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૧૧-૦૦	પ.ભ. જયંતીભાઈ મણીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ચલોડાવાળા
૧૦૧-૦૦	પ.ભ. પરમાર કાંતિભાઈ ગોવિંદભાઈ નવુ હિરો હોન્ડા ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. કૈલાસબેન કનૈયાલાલ સોની પૌત્ર જન્મની ખુશાલી નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	પ.ભ. સ્વ. બાબુભાઈ આર. પારેખ પૂણ્યતિથિ નિમિત્તે	જેતલપુર
૧૦૧-૦૦	પ.ભ. શાંતિલાલ દીનાનાથ મહારાજા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. દિપકભાઈ શાંતિલાલ મહારાજા અમેરિકામાં નવું મકાન લીધુ તે નિમિત્તે	યુ.એસ.એ.
૧૫૨-૦૦	પ.ભ. કિરણકુમાર શાંતિલાલ મહારાજા અમેરિકામાં નવું મકાન લીધુ તે નિમિત્તે તથા ચિ. કુસુમબેન મહારાજાનું ઓપરેશન સફળ થયુ તે નિમિત્તે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર કમલેશકુમાર રમણલાલ ચિ. હર્ષની બાબરી ઉતરાવી તે નિમિત્તે	કડી
૧૦૧-૦૦	પ.ભ. દામજીભાઈ ચકુભાઈ સાપરીયા ચિ. ધર્મેશ અને ચિ. હિનાના લગ્ન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. રમાબેન બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ-મુંબઈ
૧૦૦-૦૦	પ.ભ. પ્રજાપતિ કેશવલાલ ગંગારામ નવું હોન્ડા સ્કુટર ખરીદ્યું તે નિમિત્તે	આણંદ
૧૦૧-૦૦	પ.ભ. ભીખાભાઈ એમ. દરજીના પુત્ર ચિ. પ્રજ્ઞેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	પ.ભ. મનહરભાઈ પુરૂસોત્તમદાસ ચોટલીયા દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	ધુટકોટ
૨૫૧-૦૦	પ.ભ. સોની બળદેવભાઈ દયાળજીભાઈ ચિ. હિરેન અને ચિ. સત્યેનના શુભ લગ્ન નિમિત્તે	સીતાપુરવાળા

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી

શ્રી સ્વામિનારાયણ અંકના વંશ પરંપરાગત સભ્યો થયા તેની યાદી

પ્રતિ. શ્રી રણછોડભાઈ ભીમજીભાઈ પટેલ (મેઘાણીનગર) દ્વારા

૧. પટેલ અમિષબાઈ રામભાઈ અમદાવાદ

પ્રતિ. શ્રી અનિલભાઈ બી. દુધરેજીયા (ધ્રાંગધ્રા) દ્વારા

૧. માંડલીયા કિશોરભાઈ લાલચંદ ધ્રાંગધ્રા
૨. ઠક્કર જગદીશચંદ્ર રમેશચંદ્ર ધ્રાંગધ્રા
૩. ભોરણીયા શંકરભાઈ બેચરભાઈ જૂના દેવળીયા
૪. પટેલ ધીરજભાઈ ભૂધરભાઈ હરિપર

પ્રતિ. શ્રી ડાહ્યાભાઈ ચેલાભાઈ બુટીયા (કાલીયાણા) દ્વારા

૧. સિંઘવ ભરતભાઈ ગણેશભાઈ ખોલડીયાદ
૨. પરમાર જનકભાઈ કમાભાઈ કાલીયાણા

મહંત શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (નારાયણઘાટ)નીપ્રેરણાથી પ્રતિ. શ્રી ચંદુભાઈ પ્રહલાદભાઈ પટેલ (રાણીપ) દ્વારા

૧. ભાટી બળવંતસિંહ તખુજી બાલવા
૨. ગોહેલ ગફુરજી શિવાજી કરજીસણ
૩. પટેલ અમરતભાઈ શંકરદાસ રાજપુર
૪. પટેલ રમેશભાઈ મથુરભાઈ અમદાવાદ
૫. વ્યોમેશ યજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ વડોદરા
૬. પટેલ પ્રવિણભાઈ પરસોત્તમદાસ અમદાવાદ
૭. પટેલ નંદકિશોર મધુભાઈ અમદાવાદ
૮. ડૉ. મહેશભાઈ શીવાભાઈ પટેલ અમદાવાદ
૯. પટેલ રણછોડભાઈ પ્રહલાદભાઈ અમદાવાદ
૧૦. પટેલ ઘનશ્યામભાઈ લાલભાઈ અમદાવાદ
૧૧. પટેલ ઘનશ્યામભાઈ પ્રહલાદભાઈ અમદાવાદ
૧૨. પટેલ મહેશભાઈ ચુનીલાલ દહેગામ
૧૩. પટેલ નરેશભાઈ અમરતલાલ અમદાવાદ
૧૪. પટેલ હસુમતી મહેશભાઈ ગાંધીનગર
૧૫. પટેલ અમરતભાઈ સોમદાસ વડુવાળા અમદાવાદ
૧૬. પટેલ પ્રવિણભાઈ વિષ્ણુભાઈ અમદાવાદ
૧૭. પટેલ મયંક મિનેષભાઈ રાણીપ
૧૮. પટેલ દશરથભાઈ મણીલાલ રાણીપ
૧૯. પટેલ શકરીબેન નરસિંહભાઈ રાણીપ
૨૦. પટેલ ગીરીશભાઈ કાનજીભાઈ રાણીપ
૨૧. પટેલ તારાબેન બળદેવભાઈ રાણીપ
૨૨. પટેલ મંજુલાબેન હસમુખભાઈ રાણીપ
૨૩. પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ રાણીપ
૨૪. પટેલ કિરીટભાઈ બળદેવભાઈ રાણીપ
૨૫. પટેલ દશરથભાઈ ગાંડાલાલ રાણીપ
૨૬. પટેલ વિજયભાઈ અમૃતલાલ રાણીપ
૨૭. પટેલ રોહિતભાઈ હરિપ્રસાદ મેમનગર
૨૮. પટેલ નારાયણભાઈ ચુનીલાલ રાણીપ
૨૯. પટેલ ભીખા ભાઈ વિઠ્ઠલદાસ રાણીપ
૩૦. પટેલ ગોમતીબેન બળદેવભાઈ રાણીપ
૩૧. પટેલ રમેશભાઈ કેશવલાલ રાણીપ
૩૨. પટેલ અંબાલાલ શિવદાસ રાણીપ
૩૩. પટેલ ભોળાભાઈ પુજલદાસ રાણીપ
૩૪. પટેલ ગીતાબેન ઘનશ્યામભાઈ રાણીપ
૩૫. પટેલ રામજીભાઈ ભુરાભાઈ મેમનગર
૩૬. પટેલ જગદીશભાઈ જોઈતારામ મેમનગર
૩૭. ભાવસાર રાજેશ અમૃતલાલ રાણીપ
૩૮. અમીન જતીન રાજેન્દ્રકુમાર સેટેલાઈટ
૩૯. વાઘેલા દશરથભાઈ જી ભાટ
૪૦. પંડ્યા કિરિટભાઈ મુગટલાલ રાણીપ
૪૧. ભાટી બળવંતસિંહ તખુજી બાલવા
૪૨. ગોહીલ ગફુરજી શિવાજી કરજીસણ

પ્રતિ. શ્રી રમેશભાઈ કચરાભાઈ પટેલ (માણસા) દ્વારા

૧. રાઓલ રવિન્દ્રસિંહ રણજીતસિંહ માણસા
૨. ચૌધરી દશરથભાઈ માધવલાલ વાઘજીભાઈ ઈન્દ્રપુરા
૩. ચૌધરી ગાંડાભાઈ કાળાભાઈ ઈન્દ્રપુરા

પ્રતિ. શ્રી સૂરજીતસિંહ એમ. પુરી તથા ચિમનલાલ ઠક્કર (મણિનગર) દ્વારા

૧. ચૌહાણ ભરતભાઈ કનૈયાલાલ અમદાવાદ
૨. દરજી રમેશચંદ્ર મંગળદાસ ચાંદખેડા

શ્રી ભોળાભાઈ શિવદાસ પટેલ (ઝુલાસણ)ની પ્રેરણાથી

૧. પટેલ તેજેન્દ્ર રસિકલાલ ઝુલાસણવાળા ચાંદખેડા
૨. ગજ્જર પ્રકાશકુમાર કુબેરદાસ કલોલ
૩. ગજ્જર ચિનુભાઈ નટવરલાલ અમદાવાદ
૪. કણજરીયા અશ્વિનકુમાર ડાહ્યાભાઈ ઝુલાસણ
૫. પંચાલ વિશાલકુમાર કાંતિલાલ ઝુલાસણ
૬. ગજ્જર નિર્મલકુમાર ઘનશ્યામભાઈ ઝુલાસણ
૭. બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ ઝુલાસણ
૮. પટેલ કિરણકુમાર કાંતિલાલ સોમદાસ ઝુલાસણ
૯. ગજ્જર જગદીશકુમાર કુબેરદાસ કલોલ
૧૦. પટેલ દિનેશકુમાર મથુરદાસ નડીઆદ

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (નવાવાડજ) દ્વારા

૧. ગજ્જર કનુભાઈ માવજીભાઈ અમદાવાદ
૨. સોની ચંદુલાલ શીવલાલ અમદાવાદ
૩. સોની ભાનુબેન ભીખાભાઈ અમદાવાદ
૪. સોની અરવિંદાબેન હસમુખભાઈ અમદાવાદ
૫. કડીયા ગીરીશભાઈ પરસોત્તમદાસ અમદાવાદ
૬. સાપરીયા જયંતીલાલ ડાહ્યાલાલ મુંબઈ
૭. પટેલ કનુભાઈ પૂનાભાઈ અમદાવાદ
૮. મકવાણા નરોત્તમદાસ નાનજીભાઈ અમદાવાદ
૯. મારવી તુલસીભાઈ પ્રેમજીભાઈ અમદાવાદ
૧૦. પટેલ રણછોડભાઈ બાબરભાઈ અમદાવાદ
૧૧. મોદી કનુભાઈ શાંતિલાલ અમદાવાદ
૧૨. દરજી વસંતભાઈ મનસુખરાવ અમદાવાદ
૧૩. ઢોલરીયા લાલજીભાઈ વીરજીભાઈ અમદાવાદ
૧૪. પટેલ જગદીશભાઈ કાંતિલાલ મહેસાણા
૧૫. ડૉ. અલકા રાજન પટેલ અમદાવાદ

પ્રતિ. શ્રી ડૉ. રમેશભાઈ આર. પરીખ દ્વારા

૧.	ઠક્કર પ્રમોદભાઈ સોમચંદ	અમદાવાદ
૨.	મનોરદાસ ગંગારામદાસ	બાવળા
૩.	ભરતભાઈ પી. દવે	સુરેન્દ્રનગર
૪.	જીતેન્દ્રકુમાર રતિલાલ પરીખ	અમદાવાદ
૫.	પટેલ મોઠાલાલ બબલદાસ	અમદાવાદ

સાંખ્યયોગી રાજકુંવરબા અને સાં. ઉષાબા સ્વામિનારાયણ મંદિર મોરબી દ્વારા

૧.	રતીલાલ મનજીભાઈ મીસ્ત્રી	જેતપુર (મચ્છુ)
૨.	પ્રફુલ્લભાઈ વસ્તાભાઈ અધારા	જેતપર (મચ્છુ)
૩.	ધરમશીભાઈ ગોવિંદભાઈ જાકાસણીયા	જેતપર (મચ્છુ)
૪.	વસંતભાઈ ગોરધનભાઈ જાકાસણીયા	જેતપર (મચ્છુ)
૫.	પરમાર ચતુરભાઈ મગનભાઈ	નરનારાયણનગર
૬.	પારજીયા ગંગારામભાઈ શીવાભાઈ	ખાખરેચી
૭.	કવાડીયા દિનેશબાઈ બચુભાઈ	ખાખરેચી
૮.	જાકાસણીયા રમેશભાઈ લાલજીભાઈ	જેતપર(મચ્છુ)
૯.	પટેલ સુનીલભાઈ મફતભાઈ	ઉનાવા-બાલવા

જેતલપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા

૧.	પટેલ રાજેશકુમાર નાનુભાઈ	અમદાવાદ
૨.	ચૌહાણ જીવુભા શિવુભા	વડોદરા
૩.	પટેલ દેવેન્દ્રકુમાર ભાઈલાલભાઈ	બારેજા

પ્રતિ. શ્રી ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર) દ્વારા

૧.	જાની પરેશભાઈ લક્ષ્મણભાઈ	અમદાવાદ
૨.	શેઢા ગોવિંદભાઈ પ્રેમજીભાઈ	સુરત

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય દ્વારા

૧.	ચૌધરી જબરારામ ત્રિકમજી	વાટેરા
૨.	ભગોરા ભારતીબેન રાયસંગભાઈ	કોઠંબા
૩.	દેસાઈ લતેશભાઈ એમ.	નાલાસોપારા
૪.	કંસારા પ્રાણલાલ ભૂદરદાસ	લીંબડી
૫.	ધીરજલાલ છગનલાલ ચૌહાણ	અમદાવાદ
૬.	દક્ષેશ પટેલ	યુ.એસ.એ.
૭.	ચાવડા સંકેત રજનીભાઈ કે.	અમદાવાદ
૮.	ઠક્કર વિનોદભાઈ સી.	મુંબઈ
૯.	વિજયભાઈ પટેલ	સિકંદરાબાદ
૧૦.	ધાર્યા પરમાર અંબારામભાઈ છગનભાઈ	લીંબડી
૧૧.	જય વિનોદભાઈ એન. પટેલ	સુરત
૧૨.	ભૂમિકાબેન હિતેશકુમાર કાછીયા	અમદાવાદ
૧૩.	પટેલ બાબુલાલ મણીલાલ	અમદાવાદ
૧૪.	પટેલ કલાવતીબેન વિરેન્દ્રભાઈ	અમદાવાદ
૧૫.	ભારતીબેન શશીકાન્ત ભાવસાર	અમદાવાદ
૧૬.	જે. સી. પટેલ	યુ.એસ.એ.
૧૭.	સંજય ત્રિવેદી	કલકતા
૧૮.	પટેલ મગનભાઈ સોમાભાઈ	ડેમાઈ
૧૯.	પટેલ શામળભાઈ સોમાભાઈ	અમદાવાદ
૨૦.	સ્મિત દિલીપભાઈ પંચાલ	અમદાવાદ
૨૧.	પટેલ સોમાભાઈ વાધજીભાઈ	ધનસુરા
૨૨.	ચોટલીયા ભાવેશભાઈ મહેશભાઈ	સુરત
૨૩.	રાઠોડ રમેશભાઈ મોહનભાઈ	સુરત
૨૪.	નિલકંઠ સ્વામી, સ્વામિ. મંદિર	સોલાપુર
૨૫.	અશ્વિન એન. પટેલ	યુ.એસ.એ.
૨૬.	મીનાક્ષીબેન અમરીશભાઈ પટેલ	ભાયલી-વડોદરા
૨૭.	સોની રાજેશભાઈ સુભાષચંદ્ર	અમદાવાદ
૨૮.	મહેન્દ્રભાઈ અને રાજુભાઈ ભક્તિભાઈ પટેલ	યુ.એસ.એ.

શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર દ્વારા

૧.	પ્રજાપતિ કચરાભાઈ પૂંજાભાઈ	હિંમતનગર
૨.	પટેલ અરવિંદભાઈ મૂળાભાઈ	દરામલી
૩.	પટેલ ભદ્રેશભાઈ વિનોદભાઈ	અમદાવાદ
૪.	ત્રિવેદી દિલીપભાઈ કાંતિભાઈ	હિંમતનગર

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ મંદિર : શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ તપોવૃદ્ધ પૂજ્ય સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીકેશવચરણદાસજી તા. ૨૧-૬-૨૦૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ મંદિર : પ.ભ. પાર્ષદ શ્રી માધા ભગત ગુરુ શ્રી માધવસિંહજી ભગત હજુરી તા. ૧૫-૬-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

સુરત : પ.ભ. અમરશીભાઈ શામજીભાઈ મારવી (જીરાગઢ હાલાર) તા. ૧૯-૫-૦૪ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. સોની શાંતિલાલ રઘુભાઈ લવીંગીયા (પાણસીણા-લીંબડીવાળા) તા. ૧૬-૫-૨૦૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ નારણપુરા : પ.ભ. કનુભાઈ પટેલ (અસલાલીવાળા)ના ધર્મપત્નિ અ.સૌ. શ્રી સુશીલાબેન તા. ૧૪-૩-૦૪ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. મનસુખભાઈ ડાભી (એમ. સિકવેરા ટેલર્સ)ના ધર્મપત્નિ અ.સૌ. નિર્મળાબેન તા. ૨૯-૫-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સુરેન્દ્રનગર : પ.ભ. પુષ્પાબેન નારાયણદાસ અલૈયા તા. ૧૩-૬-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મોડાસા : પ.ભ. હીરાભાઈ શેઠ તા. ૨૧-૬-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



ઈડર મંદિરમાં ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં સેવા કરનાર મુસ્લિમ સમાજના આગેવાનને રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના ચંદનના વાઘાના અદ્‌ભૂત દર્શન



ઈડર મંદિરમાં પાટોત્સવના યજમાનો શ્રીહરિના સ્વરૂપ સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવતા



ચરાડવા મંદિરમાં સમુહ મહાપૂજા








લંડન વિલ્સડનલેન મંદિરમાં સભામાં બિરાજી હરિભક્તોને દર્શન આપી રહેલા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



રિદ્રોલ (તા.માણસા)મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



નારણપર (કચ્છ)ના હરિભક્તો દ્વારા લંડન મંદિરમાં આયોજીત સભામાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ આપતા